₹ ૧૫/-

## દિવ્ય કરુણા



# પ્રભુ અર્પણ

ઑગસ્ટ - ૨૦૧૭

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

# Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

જે વ્યક્તિમાં ઈશ્વરપ્રાપ્તિ માટેની અભીપ્સા હશે, અને એની સમક્ષ જે મુશ્કેલી હંમેશને માટે રહેતી હશે તે મુશ્કેલી જ એને માટે, એની પોતાની રીતે ભગવત પ્રાપ્તિનો માર્ગ બની રહેશે. ઈશ્વરના સાક્ષાત્કાર માટેનો એનો એ વિશિષ્ટ માર્ગ બની રહેશે. એ પણ સાચું છે કે જો કોઈ વ્યક્તિને સેંકડો મુશ્કેલીઓ હશે એનો અર્થ એટલો જ કે એની ઉપલબ્ધિ પણ જબરદસ્ત હશે. અલબત્ત, એ વ્યક્તિમાં ધીરજ અને સહનશીલતા હોવી જોઈએ. અને એ વ્યક્તિએ એ બધી મુશ્કેલીઓ હોવા છતાં અભીપ્સાની જ્યોતિને જલતી રાખવી જોઈએ. અને યાદ રાખો : પ્રભુની કૃપા તમારી મુશ્કેલીઓના પ્રમાણમાં જ હોય છે.

શ્રી માતાજી

(CWM : 3 : 143)

## કૃપાનું કાર્ય અને એનો વિરોધ

સમગ્ર આવિર્ભાવમાં, જગતને દુઃખમાંથી, જડતામાંથી, તેની મૂર્ખતામાંથી બહાર લાવવા માટે અનંત કૃપા સતત કાર્ય કરી રહેલી છે. શાશ્વત કાળથી આ કૃપા કાર્ય કરી જ રહી છે. પોતાના કાર્યમાં તે ઢીલાશ લાવતી નથી. આ જગતને કોઈક મહત્તર, વધારે સત્ય, વધારે સુંદર તત્ત્વ માટેની જરૂરિયાત પ્રત્યે જાગૃત થતાં કેટલાં હજારો વર્ષોની જરૂર પડી છે !

પોતાના અસ્તિત્વમાં માણસને જે પ્રતિકાર પ્રાપ્ત થતો હોય છે તે પરથી, જગત કૃપાના કાર્યનો જે ભીષણ વિરોધ કરી રહ્યું છે તેનો તેને ખ્યાલ આવશે.

શ્રી માતાજી

# પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

ઑગસ્ટ – ૨૦૧૭ વર્ષ : ૦૩ અંક : ૦૮

# શ્રી અરવિન્દની કરુણા

## અનુક્રમ


| | |
|---|---|
| દિવ્ય કરુણા | ૦૬ |
| સદાસર્વદા દયાળુ પ્રભુ | ૨૨ |
| કૃપાની ભેટ | ૩૧ |
| સંસ્મરણો અને ચિંતનો | ૩૬ |
| વૃત્ત વિશેષ | ૩૯ |


*

**તંત્રી નોંધ :** દિવ્ય મા ભગવતી હંમેશાં આપણને શ્રી અરવિન્દની કરુણાનું સ્મરણ કરાવતાં રહે છે. ખરેખર તો એમની વ્યક્તિતાની આ એક બાજુ, શ્રી અરવિન્દ જે અસંખ્ય દિવ્ય ગુણો ધરાવે છે, એમાંનો આ મૂર્તિમંત ગુણ, એમની કરુણા, તે અનુપમ છે. અનુપમ એટલા માટે કે આ ગુણ એમનાં બધાં લખાણો અને સર્વે કૃતિઓમાં ખૂબ સૌમ્યપણે પૃષ્ઠ ભૂમિમાં રહેલો છે, અને છતાં સાથોસાથ આ જ ગુણને લઈને સ્પષ્ટપણે તેઓ આ ગાઢમાં ગાઢ અંધકારમાં ઊતરી આવ્યા છે, જેથી કરીને પૃથ્વી અને માનવ પ્રકાશ પ્રાપ્ત કરી શકે તેમ જ આશાવાદી બની રહી શકે. શ્રી અરવિન્દના ૧૪૫મા જન્મદિવસની સંધ્યાએ શ્રી અરવિન્દની દિવ્ય કરુણા વિશે સમજ કેળવાય તથા એમના આ ગુણની ઝાંખી વાચકને થાય એ હેતુસર આ અંક અમે શ્રી અરવિન્દ, શ્રી માતાજીને સમર્પિત કરીએ છીએ.

*



શ્રી અરવિન્દ, પોતાની કરુણા સહિત. — એમની કરુણા,
જે આપણને એમની સેવા કરવાની તક આપે છે.

**The Mother;Conversations with a disciple, April 25,1961**

# દિવ્ય કરુણા

## વૈશ્વિક નિયમ, કરુણા અને ઈશ્વરકૃપા

પ્રભુકૃપા વિશે મને કાંઈ કહેવાનું મન થાય છે, કારણ કે તમે એવું વિચારતા લાગો છો જાણે કે દિવ્ય તર્ક જેવી કોઈ વસ્તુ છે, જે માનવ બુદ્ધિની તર્ક જેવી રૂપરેખાથી બહુ ભિન્ન પ્રકારે કાર્ય કરતી હોય એવા પ્રકારની હોવી જોઈએ. પરંતુ તે તેવા પ્રકારની હોતી નથી. તેમ જ તે વિશ્વરૂપ દિવ્ય સહાનુભૂતિ પણ હોતી નથી જે બિનપક્ષપાતી રીતે, જે કોઈ તેના પ્રત્યે અભિગમ રાખે અને સર્વ જે કાંઈ પ્રાર્થના કરે તે બધાને મંજૂર રાખે. તે સદ્‌ગુણી માનવીઓને પસંદ કરે અને પાપીઓને તરછોડી દે એવું પણ નથી. દિવ્ય કૃપા જુલમી (ટારસસના સોલ જેવા) ની મદદે આવી પહોંચી હતી. સ્વચ્છંદી સંત ઓગસ્ટિનની પાસે પણ આવી હતી. કુખ્યાત જગાઈ અને મધાઈ પાસે, બિલ્વમંગલ અને બીજા ઘણાઓમાં એ પરિવર્તન લાવી છે, કે જેઓ માનવની નૈતિક બુદ્ધિગમ્યતાનો વધારે આગ્રહ રાખનાર માટે નિંદાપાત્ર બને. પરંતુ તે પવિત્ર માણસો પાસે પણ આવી શકે છે અને તેમના આત્મ-સદ્‌ગુણોનો પણ ઇલાજ કરીને આ બધા સદ્‌ગુણોથી પર ઊર્ધ્વમાં રહેલી વિશુદ્ધતર ચેતના પ્રત્યે તેઓને દોરી જાય છે. તે એવી શક્તિ છે જે બધા જ નિયમોથી ઘણી ઉચ્ચતર છે અને વૈશ્વિક ધર્મથી વધારે ઉન્નત છે — કારણ કે બધા જ આધ્યાત્મિક સાધકો, એક ધર્મ (સ્થાપિત નિયમ) અને કૃપા વચ્ચેનો ભેદ સમજ્યા છે તેમ છતાં તે વિવેક બહારની હોતી નથી. ફક્ત તેનો પોતાનો વિશિષ્ટ વિવેક હોય છે. મનની અથવા બીજી કોઈ પણ સામાન્ય શક્તિ કરતાં તેના પોતાના દર્શન વડે તે વસ્તુઓ, માનવીઓ અને સાચો સમય અને પરિપાકને જુએ છે. પ્રભુકૃપાની અવસ્થા, વ્યક્તિના ગાઢ બુરખાની પાછળ તૈયાર થઈ ગઈ હોય છે અને તે એવા સાધનો દ્વારા કાર્ય કરે છે જેના વિશે મન કદી ગણતરી પણ કરી શકે નહિ અને પ્રભુકૃપા જ્યારે આવે છે ત્યારે તે કૃપા પોતે જ ફક્ત કાર્ય કરે છે. તેના માટે નીચેની ત્રણ શક્તિઓ હોય છે. (૧) કર્મનો વૈશ્વિક સિદ્ધાંત અથવા બીજું જે કાંઈ હોય તે (૨) એક દિવ્ય સહાનુભૂતિ જે વિશ્વરૂપ કર્મના સિદ્ધાંતની જાળો મારફતે તે જેટલા પ્રમાણમાં બધા માનવીઓ પાસે પહોંચી શકે તેટલા ઉપર કાર્ય કરે છે અને તેમને તક આપે છે. (૩) દિવ્ય કૃપા કોઈ પણ જાતની ગણતરીનો ખ્યાલ રાખ્યા સિવાય, પરંતુ બીજા બધા ધારે તે કરતાં પણ વધારે અગમ્ય રીતે કાર્ય કરે છે. હવે ફક્ત એક જ પ્રશ્ન છે કે આ જીવનની બધી જ જટિલતાઓની પાછળ કોઈ વસ્તુ રહેલી છે જે જ્યાં સુધી પરમાત્માના પ્રકાશને માટે તૈયાર ન થઈ હોય ત્યાં સુધી તેના સાદને પ્રત્યુત્તર આપે — અને ગમે તેટલી મુશ્કેલીઓ હોય છતાં તે પ્રત્યે પોતાની જાતને ખુલ્લી કરે — અને તે કાંઈક વસ્તુ મનોમય કે પ્રાણમય ગતિ ન હોવી જોઈએ, પરંતુ કોઈ આંતરિક વસ્તુ હોવી જોઈએ જેને આંતર–દૃષ્ટિથી બરાબર જોઈ શકાય. જો તે વસ્તુ ત્યાં હોય અને જ્યારે તે અગ્રભાગમાં સક્રિય બને તો તે દિવ્ય અનુકંપા કાર્ય કરી શકે છે, છતાં

પ્રભુકૃપાનું પૂર્ણ કાર્ય હજુ પણ નિશ્ચિત નિર્ણય અથવા રૂપાંતર માટે રાહ જોઈ શકે છે; કારણ કે આ વસ્તુ ભવિષ્યની ઘડી માટે મુલતવી રહી શકે છે, કારણ કે આપણા સ્વરૂપનો કોઈ ભાગ અથવા તત્ત્વ હજુ પણ વચ્ચે વિઘ્નરૂપ બને છે અને તે ભાગ એવી કોઈ વસ્તુ છે જે હજુ સુધી તે કૃપાને ગ્રહણ કરવા માટે તૈયાર થયેલી નથી. (યોગ વિશે પત્રો : ભાગ-૨ પૃ. ૧૧૪-૧૫)

*

**કરુણા અને કૃપા....**

ઓહ ! બીજે દિવસે કોઈકે મને ૨૪ નવેમ્બરના સંદેશ વિશે પ્રશ્ન પૂછયો હતો.... એકાએક જ મને દર્શન થયું હતું. તેઓ જ્યારે બોલી રહ્યા હતા, એ પૂરેપૂરું ચમત્કારીક હતું. મેં કરુણા અને કૃપાનું દર્શન કર્યું, 'નિયમ' અને કરુણા; કરુણા કેવી રીતે સર્વ કાંઈ ઉપર કાર્ય કરે છે — સર્વ કંઈ ઉપર અને સર્વ વસ્તુ ઉપર, ભેદભાવ વગર, કોઈ પણ પ્રકારની શરત વગર — અને કરુણા કઈ રીતે એ સર્વને એવી અવસ્થાએ પહોંચાડે છે, જે અવસ્થાએ તેઓ કૃપા પ્રાપ્ત કરી શકે.

મને એ અદ્‌ભુત લાગ્યું હતું.

એ હતી અનુભૂતિ : મેં જોયું અને અનુભવ્યું કે આ કરુણા જાળીના કાણાંઓ મારફતે કાર્ય કરી રહી છે. અને કૃપા કેવી તો બળવાન છે, સર્વશક્તિમાન છે, એનો અર્થ એ જ કે નિયમ 'Law', હવે વિઘ્નરૂપ રહ્યો નથી. આ કૃપા પ્રત્યેકને સ્પર્શી રહી છે અને પ્રત્યેકને તક આપી રહી છે, એ મેં જોયું. શ્રી અરવિન્દે જ્યારે એમ કહ્યું કે : 'કૃપા પ્રત્યેકને તક આપી રહી છે' ત્યારે એમને ખરેખર જે અભિપ્રેત હતું તે હું સમજી ગઈ હતી — એકસમાન રીતે તે સર્વને તક આપી રહી હતી. મહત્ત્વ, શરત કે અવસ્થા, કે એવું કશું નહિ, કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર, સર્વને માટે બરોબર એ જ તક. સમાન તક. આમ પછી, આ કરુણાનું પરિણામ સર્વને કૃપાની હાજરી વિશે સભાન બનાવવાનું હતું. એ લોકોને એવો અનુભવ કરાવવો કે વિશ્વમાં કૃપા જેવું કંઈક અસ્તિત્વ ધરાવે છે. અને જે લોકો અભીપ્સા સેવે છે, જેઓ વિશ્વાસ ધરાવે છે તેમને માટે કૃપા તુર્ત જ કાર્ય કરે છે — એ કૃપા હંમેશાં કાર્ય તો કરે જ છે; પરંતુ જે લોકો વિશ્વાસ રાખે છે તેમને માટે એ સંપૂર્ણપણે અસરકારક પુરવાર થાય છે.

આ બધું એટલું તો સ્પષ્ટ હતું, એટલું તો ચોક્કસ ! એ સાચે જ, નૂતન અનુભૂતિ સમાન હતું. એ પ્રકટીકરણ હતું. અને શ્રી અરવિન્દ કેવા તો આ કરુણાની અભિવ્યક્તિરૂપ હતા.... એમની આંખોમાં એ કરુણાનું દર્શન થઈ શકતું હતું, એમની આંખો કરુણાસભર હતી.....

શ્રી અરવિન્દે કોઈક સ્થળે લખ્યું હતુંઃ ''કૃપા કોઈ વ્યક્તિ પરત્વેથી મુખ ફેરવી લે એવું ભાગ્યે જ બનતું હોય છે; પરંતુ એવા ઘણા લોકો છે, જે કૃપા પરત્વેથી પોતાનું મુખ ફેરવી લે છે — માણસ કૃપાથી વિમુખ થઈ જતો હોય છે.'' ચોક્કસ શબ્દો મને યાદ નથી, પણ મને લાગે છે કે એમણે crooked — કુટિલ શબ્દ પ્રયોજ્યો હતો. એ પણ એટલું જ જીવંત હતુંઃ કૃપા પોતાનું કાર્ય પાછું ખેંચી લેતી હતી એવું એ ન હતું, સહેજ પણ નહિ (કૃપાએ કાર્ય ચાલુ

રાખ્યું હતું) પરંતુ માનવો, હા, માનવો કુટિલ હતા, તેઓ અવળો અર્થ કરતા હતા....

.... વ્યક્તિ એક વખત અને સદાને માટે માનસિક રીતે વક્ર થઈ જતી હોય છે એવું એ ન હતું. એમાં તો થતું એવું હતું કે એમનું બળ અને એમનું કાર્ય સીધું અને સરળ રીતે થવાને બદલે એ પોતાની ઉપર જ અંદરની બાજુએ વળી ગયું હતું અને પછી એમાં સર્વ પ્રકારના વળાંકો, આંટાઓ ને પેચ હતા કે જે સર્વ આંદોલનોને વિકૃત કરી દે.' (આ શબ્દ 'distort', વારંવાર મારી સમક્ષ પ્રકટ થતો રહે છે.) આમ, માણસોનું બળ અને કાર્ય સરળ હોવાને બદલે મચડાઈ જતું હતું, વાંકું થઈ જતું હતું. એટલે પછી કૃપાની એના પર કોઈ અસર થતી ન હતી; એની અસર થઈ શકે જ નહિ. (Conversations with a disciple : December 7, 1966)

*

## આધ્યાત્મિક શક્તિ, સત્યનિષ્ઠા અને કૃપા

શક્તિ અને કૃપા વિશે હું જે કહું છું તેમાં ન સમજાય એવું કશું નથી. આધ્યાત્મિક સાક્ષાત્કાર માટે શક્તિનું એક મૂલ્ય રહેલું છે, પણ એમ કહેવું કે તે માત્ર શક્તિ વડે જ થઈ શકે છે અને બીજા કોઈ સાધન વડે થઈ શકતો નથી એ એક ઘણી ભારે પડતી અતિશયોક્તિ છે. કૃપા એ કોઈ ઉપજાવી કાઢેલી વસ્તુ નથી, એ આધ્યાત્મિક અનુભૂતિની એક હકીકત છે. ડાહ્યા અને બળવાન લોકો જેમને કશી વિસાત વિનાના ગણી કાઢે તેવા ઘણા લોકો કૃપા દ્વારા સાક્ષાત્કાર પામેલા છે; અભણ, માનસિક શક્તિ કે તાલીમ વિનાના, ચારિત્ર્ય કે સંકલ્પ શક્તિના 'બળ' વિનાના લોકોએ પણ અભીપ્સા કરેલી છે અને એકાએક અથવા ઝડપથી આધ્યાત્મિક સાક્ષાત્કારમાં વિકાસ પામેલા છે, કારણ કે તેમનામાં શ્રદ્ધા હતી, અથવા તો તેઓ સાચા હૃદયવાળા હતા. આ બધી વસ્તુઓ આધ્યાત્મિક ઇતિહાસની તથા તદ્દન સામાન્ય આધ્યાત્મિક અનુભૂતિની હકીકતો છે. તે જાણે કે માત્ર વિચાર કરવાની વસ્તુઓ હોય તેમ તેની શા માટે ચર્ચા કરવી જોઈએ અને તેને વિશે દલીલો કરવી જોઈએ એ મને સમજાતું નથી.

શક્તિ એ જો આધ્યાત્મિક રીતની હોય છે તો તે આધ્યાત્મિક સાક્ષાત્કાર માટેનું એક બલ બની રહે છે; સત્યનિષ્ઠા એ વધુ મોટું બલ છે, સૌથી વધુ મોટું બલ તે કૃપા છે. મેં કેટલીય વાર, અસંખ્ય વાર કહ્યું છે કે માણસ જો સત્યનિષ્ઠા વાળો હોય છે, તો તે લાંબો વિલંબ થતો રહે અને પારાવાર મુશ્કેલીઓમાં પડેલો હોય તો પણ પાર પહોંચી જશે. મેં વારંવાર પ્રભુકૃપા વિશે કહેલું છે. ગીતાની એ પંક્તિ વિશે મેં અનેક અનેકવાર ઉલ્લેખ કરેલો છે.

'હું તને સર્વ પાપ અને અશુભમાંથી મુક્ત કરીશ. તું દુઃખી થતો ના.' (CWSA 29 : 172)

**શ્રી અરવિન્દ**

*

## અંતરમાં વિરાજતી દિવ્યતા નથી ન્યાયાધીશ બનતી, નથી શાપ આપતી

આ મહિમાવંત પરમ ભાગવત પ્રેમ કે જે આપણી નિર્બળતાઓને લાડ લડાવતો, આપણી ભૂલોને સુધારી લેતો, આપણા ઘા રુઝાવી દેતો, પુનર્જીવન અર્પતા એના પ્રવાહોમાં આપણા

આખા આત્માને અંઘોળતો, આપણા અસ્તિત્વના અંતરતમ ઊંડાણમાંથી આપણી ઉપર લળી રહ્યો છે, તે ભાગવત પ્રેમની આગળ આપણા આવેગો અને કામનાઓ આપણી યાતનાઓ અને દારુણતાઓ, આપણી પીડાઓ અને આપણી મથામણો, તથા આપણી અનિયંત્રિત કલ્પના જેને અણઘટતો નાટકીયતાનો વેશ પહેરાવે છે તે બધા અંતરંગી ભાગ્યપલટાઓનો તે શો ભાર ?

કેમકે, અંતરમાં વિરાજતી ભગવતી દિવ્યતા પોતાના પ્રભાવનો દાબ દાખવતી નથી. કોઈપણ પ્રકારનો કશો દાવો કદી કરતી નથી, કદી ડરાવતી નથી; તે તો આત્મનિવેદન કરે છે, પોતાની જાતને સમર્પી દે છે, ભૂતમાત્રના ને વસ્તુમાત્રના હૃદયમાં પોતાની જાતને છુપાવી રાખે છે જે તેને વિસારી જાય છે. તે નથી કાઢતી કોઈનો વાંક, નથી કોઈનો ન્યાયાધીશ બનતી, નથી કોઈને શાપ આપતી કે નથી કોઈને ગુન્હેગારીની સજા ફરમાવતી; પરંતુ તે સતત કાર્ય કરતી રહીને, જકડી નાખ્યા વગર પૂર્ણતા પ્રગટાવવાનો પ્રયત્ન કરે છે, ઠપકાનાં વચનો ઉચ્ચાર્યા વગર સુધારવાનું સુધારી લે છે, ધીરજ ખોયા વગર પ્રોત્સાહન આપ્યે જાય છે, પોતપોતાની ગ્રહણશક્તિ અનુસાર સૌને ય ભંડારોથી સમૃદ્ધ બનાવતી રહી છે. આ છે મા, પોતાના પ્રેમ વડે ધારણ કરતી, પોષતી, ચોકીદાર બની રક્ષા કરતી, હિતવાક્ય કહેતી, આશ્વાસન આપતી મા. તે સર્વ સમજે છે, તેટલા માટે તે બધાંને આધાર આપે છે, ભૂલો જતી કરી બધાંને માફી આપે છે, સર્વને માટે આશા સેવે છે અને સૌને તૈયાર કરે છે. સમસ્તને પોતાનામાં વહન કરતી હોવા છતાં તેની પાસે એવું કશું જ નથી કે જે સઘળાંનું ન હોય. સર્વની ઉપર તે અમલ ચલાવે છે તેથી તો તે સર્વની સેવિકા છે; ને એ કારણથી તો જેઓ તેના સમાન રાજત્વ ઇચ્છે છે તથા તેનામાં રહી દેવત્વ પામવા માગે છે તેઓ નાના હોય કે મોટા, તમામ પોતાના માનવ બંધુઓની મધ્યે આપખુદ નહીં પણ તેની માફક સેવકો બને છે. (શ્રી માતૃવાણી ગ્રંથ-૨ પૃ. ૨૨૩-૨૪)

*

## કૃપા પાપીની મદદે

**પ્રશ્ન :** તો પછી કૃપા પાપીની મદદે કઈ રીતે આવે ?

તે પાપીને પાપી બનવા માટે મદદ કરતી નથી ! તે પાપીને તેના પાપનો ત્યાગ કરવામાં મદદ કરે છે; એટલે કે તે પાપીને ધકેલી દેતી નથી, તે એમ કહેતી નથી કે, ''હું તારા માટે કાંઈ કરીશ નહીં ! તે ત્યાં હાજર હોય છે જ, સતત, જ્યારે તે પાપ કરતો હોય ત્યારે પણ, તેને તેનાં પાપમાંથી બહાર નીકળવા મદદ કરવા માટે, પણ નહિ કે તેના પાપને ચાલુ રાખવા માટે.

તમે ખરાબ છો તેથી ''હું તમારી સંભાળ નહિ રાખું, હું તમને મારાથી દૂર ફેંકી દઈશ, અને તમારું જે બનવાનું હશે તે બનશે જ, મને તેની કાંઈ પરવા નથી.'' આવો જે ખ્યાલ આપણે રાખીએ છીએ અને હું તમને તેના વિશે જે કહું છું તેમાં ઘણો મોટો તફાવત છે. તે બન્ને વચ્ચે ઘણો ફેર છે. આ તો માણસનો સામાન્ય ખ્યાલ છે, વ્યક્તિ એમ કહે છે : ''પ્રભુએ મારો ત્યાગ કર્યો છે'' તમે જાણો છો કે વસ્તુ એ પ્રમાણે નથી. તમે પ્રભુકૃપાનો અનુભવ ન કરી શકો, પરંતુ

તે ત્યાં હાજર હોય છે જ, સૌથી વધારે પાપીઓની સાથે પણ, સૌથી વધારે ખરાબ ગુનેગારોની સાથે પણ, તેમને બદલવામાં મદદ કરવા માટે, તેમના ગુનાઓમાંથી અને પાપમાંથી મુક્ત કરવા માટે. જો તેમની પોતાની ઇચ્છા હોય તો, પ્રભુકૃપા તેમનો ઇન્કાર કરતી નથી. પરંતુ તેને પાપ કરવામાં મદદ કરશે નહીં. જો તે મદદ કરે તો તે પછી પ્રભુકૃપા ન રહે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : પૃ. ૨૧૦-૧૧)

*

## અનંત કરુણા જે પોતે દાવો કરતી નથી

એવા લોકો પણ, જેઓ એવું માનતા હોય છે કે એમનામાં શ્રદ્ધા છે તેઓ એવું ઇચ્છે છે કે એમને માટે સર્વ કંઈ કરી આપવામાં આવે. એ લોકો પોતાની અશ્રદ્ધા, પોતાની મૂર્ખામી, પોતાની અક્ષમતા હોવા છતાં પરમા શક્તિ, પરમાત્મા એમને માટે બધું જ કરી આપે એવી ઇચ્છા રાખતા હોય છે. અને પરમાત્મા આમ કરી આપે એ જ એમની સર્વશક્તિમત્તા છે એવું તેઓ માનતા હોય છે. એ લોકો એટલું પણ સમજતા નથી કે સત્યનું આ આંદોલન પોતાનો પ્રભાવ દર્શાવે તો એ બધી વસ્તુઓનો વિનાશ થઈ જાય, એટલે કે એ લોકોનો જ વિનાશ થઈ જાય, તેઓ પોતાને વિશે જે વિચારતા હોય છે કે પોતે શું છે, તે સર્વ નાશ પામી જાય. આશ્ચર્ય ! — આ અનંત કરુણા અદ્ભુત છે, એનો આભાર માનો કે એને લીધે કશું વિનાશ પામી ગયું નથીઃ એ રાહ જુએ છે. એ ત્યાં છે, રાહ જોઈ રહી છે, પોતાની સંપૂર્ણ સત્તા સહિત પોતાની હાજરીનું ભાન એ કરાવતી હોય છે, પોતાની જાતને લાદ્યા વગર, પોતાનો પ્રભાવ પ્રકટ કર્યા વગર; જેથી નુકશાન ઓછામાં ઓછું થઈ શકે.

એ છે ચમત્કારી, આશ્ચર્યજનક કરુણા !

અને પેલા બધા મૂર્ખાઓ એને નામર્દાઈ કહે છે !

(The Mother : Conversations with a disciple : September 17, 1966)

*

## વિશ્વમાં રહેલી કરુણા અને દિવ્ય શોક

એક ઊંડી એવી સહાનુભૂતિની અવસ્થામાંથી પ્રભુ જડ તત્ત્વમાં કાર્ય કરે છે અને આ ઊંડી સહાનુભૂતિનું ચૈતસિક વિષાદથી સ્થૂલ તત્ત્વમાં અનુસરણ થયું છે અને તેની વાત અહીં થઈ છે.[૧] આ વસ્તુનું આ સાંજે આપણે વાચન કરીએ છીએ એ જાણે કે કંઈક ઊલટું જ થયું છે. તે વસ્તુ તો તે જ છે, પણ આ રીતની ઊલટી રીતની (શ્રી માતાજી પોતાના હાથ જોડે છે અને પછી અર્ધ્ય આપતાં હોય તેમ ખુલ્લા કરે છે.)

સારું, પ્રભુની સહાનુભૂતિની અવસ્થા આ રીતે ચૈતસિક ચેતનામાં દર્દ રૂપે ઊતરી આવી છે, પણ તે દુઃખ અહંકારયુક્ત નથી. એ દુઃખ વૈશ્વિક દુઃખની સાથે સહાનુભૂતિ દ્વારા તાદાત્મ્ય પ્રાપ્ત કરવાનું પરિણામ છે. પ્રાર્થના અને ધ્યાનમાં આ વિશે કહેલું છે. (પાછળનાં પ્રકરણોમાંના એકમાં) મેં વિસ્તૃત રીતે મારી અનુભૂતિનું વર્ણન કરેલું છે. જેમાં મેં કહ્યું છે, ‘‘મેં આંસુઓ

પાડ્યાં, મારા જીવનનાં મધુરમાં મધુર આંસુઓ,'' [2]કારણ કે હું મારી જાત માટે રડતી ન હતી, તમે સમજો છો, વારુ, તે એ વસ્તુ છે. તમે જાણો છો કે માનવીઓ અહંકારના કારણે માનવીય રીતે સહન કરે છે. જ્યારે પણ દા.ત. (આ મેં વારંવાર સમજાવ્યું છે.) તેઓ જેને ચાહતા હોય તેને ખોઈ બેસે છે અને દુઃખી થઈને રડે છે, ત્યારે તે માણસની કેવી અવસ્થા છે તે માટે તેઓ રડતા હોતા નથી, કારણ કે ઘણોખરો સમય, સોમાંથી નવ્વાણું માણસો તે માણસની અવસ્થા જાણતા હોતા નથી, તેઓ એમ પણ જાણી શકતા નથી કે માણસ સુખી છે કે દુઃખી, તે દુઃખ સહન કરે છે કે શાંતિમાં છે. પરંતુ તેઓ વિરહની લાગણી અનુભવે છે તેને લઈને રડે છે, કારણ કે તેઓ ઇચ્છતા હતા કે જે માણસને તેઓ ચાહતા હતા તે તેમની પાસે રહેવો જોઈએ અને તે વ્યક્તિ તો ચાલી ગઈ, તેથી માનવીય દુઃખના મૂળમાં **કાયમ માણસ પોતાની જાતનો જ** વિચાર કરે છે — વધારે કે ઓછી સચેતન રીતે, વધારે કે ઓછી.... કઈ રીતે મૂકવું — જાણીબૂજીને — પણ એ કાયમ તે જ છે. જ્યારે પણ કોઈ બીજાના દુઃખથી રડે છે ત્યારે તેમાં કાંઈક મિશ્રણ જ હોય છે. એક મિશ્રણ હોય છે. પણ જ્યારે ચૈતસિક વસ્તુ દુઃખની સાથે મિશ્રિત થાય છે ત્યારે તેમાં એક વિપરીત કરુણાનું તત્ત્વ હોય છે. (એક ક્ષણ પહેલાં આ વસ્તુ હું તમને સમજાવવાનો પ્રયત્ન કરતી હતી) તે તેના સ્વરૂપમાં દાખલ થાય છે અને જો બન્ને તત્ત્વોને છૂટાં પાડી શકે તો, તે વસ્તુ ઉપર એકાગ્રતા કરી શકે તો, તે પોતાના અહંમાંથી બહાર નીકળી અને વિપરીત કરુણા સાથે એકતા પામે છે. આ વસ્તુની મારફત માણસ બૃહદ, વૈશ્વિક કરુણાના સંપર્કમાં આવે છે, જે ઘણી બૃહદ, વિશાળ, શાંત, શક્તિશાળી, ઊંડી, પૂર્ણ શાંતિથી ભરેલી અને અનંત માધુર્યવાળી હોય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : પૃ. ૧૪૦-૪૨)

## ચૈત્ય દ્વાર મારફતે કરુણામાં પ્રવેશ

એટલે જ્યારે હું કહું છું કે જો કોઈ પોતાના દુઃખને કેમ ઊંડાણપૂર્વકનું કરવું એ જાણે, દુઃખના હાર્દ, હૃદયમાં પહોંચી જતાં એને આવડે, પોતાના અહંકારમય અને અંગત ભાગોમાંથી ઉપર ઊઠીને ઊંડાણમાં જતાં આવડે, તો મહાન સાક્ષાત્કારનું દ્વાર તે ખોલી શકે છે — મારો કહેવાનો અર્થ આ છે. એનો અર્થ એવો નથી કે તમારે દુઃખને દુઃખ તરીકે શોધવું, પણ જ્યારે તે હોય છે, તમારા ઉપર આવી પડે છે, ત્યારે તમારા દુઃખના અહંકારમાંથી જો તમે ઊર્ધ્વમાં ઊઠી

---

૧. **પ્રશ્ન** : હાલના દિવસોમાં એક એવા તીવ્ર દુઃખનો મને અનુભવ થાય છે કે તેને લઈને મારી આંખોમાં આંસુનું પૂર આવે છે. તેમાં કોઈ અસ્થિરતા કે અવ્યવસ્થા નથી. તેના બદલે એક શાંતિ, શુદ્ધિ અને ઊંડી ગંભીરતાની લાગણી તેની સાથે સંકળાયેલી છે. આ વસ્તુ એ જ છે — જેને ચૈતસિક દુઃખ કહેવાય ?

**ઉત્તર** : હા, એ પ્રકારનો ચૈતસિક વિષાદ હોય છે — પરંતુ ચૈતસિક આંસુઓ દુઃખમય હોવાં જરૂરી નથી. લાગણીનાં અને આનંદનાં આંસુઓ પણ હોય છે ?

૨. પ્રાર્થના અને ધ્યાન, - ૧૨ જુલાઈ, ૧૯૧૮.

શકો – પહેલાં જોવું કે કયો ભાગ અહંકારયુક્ત છે, કઈ વસ્તુ તમને વેદના ઉત્પન્ન કરાવે છે, તમારી વેદનાનું કારણ કયો અહંકરયુક્ત ભાગ છે. અને પછી તેનાથી ઊંચે ચડીને, તેનાથી પર થઈ, કાંઈક વૈશ્વિક તરફ, કોઈ ઊંડા સત્યના મૂળભૂત પાયા તરફ તમે જાઓ. ત્યારે તમે અનંત કરુણામાં પ્રવેશ કરો છો અને ત્યાં જે ખરેખર ચૈતસિક દ્વાર છે તે ખૂલે છે એટલે જ્યારે કોઈ મને આંસુ પાડતી જુએ છે, ત્યારે તે ક્ષણે જો કોઈ પૂરેપૂરી રીતે એકતા અનુભવે અથવા પ્રયત્ન કરે – તમે સમજ્યા, આ આંસુઓમાં પ્રવેશ કરીને તેમાં ઓગળી જવાનો – ત્યારે આ વસ્તુ બારણું ખોલી શકે છે. વ્યક્તિ બારણું ખોલી શકે છે અને તેની પૂરેપૂરી અનુભૂતિ લઈ શકે છે, ખૂબ વિરલ અનુભવ અને તે તેની ચેતના ઉપર ઘણી ઊંડી અસર મૂકે છે. ઘણે ભાગે તે કદી ભૂંસાતી નથી. પણ જો બારણું ફરીથી બંધ થઈ જાય, જો તમે ફરીથી તમારી સામાન્ય ગતિવિધિઓમાં પડી જાઓ, તેમ છતાં તે ક્યાંક પાછળના ભાગમાં રહી જાય છે અને તમારા તીવ્ર એકાગ્રતાના સમયમાં તમે ત્યાં પાછા જઈ શકો છો, તમે તેના તરફ પાછા જઈ શકો છો અને તમે અનંત માધુર્યનો, મહાન શાંતિનો ફરીથી અનુભવ કરી શકો છો. જે વસ્તુ, દરેક વસ્તુને સમજી શકે છે – પણ બુદ્ધિથી નહીં. બધી જ વસ્તુઓ માટે જેને કરુણા હોય છે, જે બધી વસ્તુઓને પોતાના આશ્લેષોમાં લઈ શકે અને બધાંનું દુઃખ આ રીતે રુઝાવી દે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : પૃ. ૧૪૨)

*

### કરુણા અને દિવ્ય કરુણા

મધુર માતાજી, ''દિવ્ય ઘૃણા'' એટલે શું ?

આહ, મારા બાળક (મૌન) તે ઘૃણા છે, જેમાં પૂર્ણ કરુણા છે.

તે એવી વસ્તુ છે જે પોતાની ઉપર અશુભ આંદોલનો ઝીલે છે જેથી કરીને બીજાઓનું અનિષ્ટ દૂર થાય. પરિણામો.... (મૌન) ખોટી અને નિમ્ન ગતિ – જેણે ભૂલ કરી હોય તેના ઉપર ઠંડા કલેજે પાછી ફેંકવાને બદલે તે પોતાની અંદર સ્વીકારી લે છે, જેથી કરીને તે ભૂલનું પોતાની અંદર પરિવર્તન કરે અને જે ક્ષતિ થઈ હોય તેનાં ભૌતિક પરિણામો શક્ય હોય એટલાં ઓછાં કરી નાખે. હું માનું છું કે પ્રાચીન વાત, જેમાં શિવનો કંઠ છે તેમાં નીલ ડાઘ હતો. કારણ કે તેણે જગતમાં જે બધું અનિષ્ટનું ઝેર હતું તે પી લીધેલું; તે દિવ્ય ઘૃણાને વ્યક્ત કરવાની એક કાલ્પનિક રીત છે. આ વસ્તુએ તેમના કંઠ ઉપર કાળો ડાઘ કરેલો.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : પૃ. ૨૭૮-૭૯)

*

### કરુણા અને દિવ્ય કૃપા

કરુણા એ mis'ericorde - આધાર - સમાન છે. એ છે દયા, બળસભર અને માયાળુ. દયા, જે માફ કરી દે છે અને સારા બનાવે છે, બધા ગુનાઓને માફ કરી દે છે, ભૂલી જાય છે અને દરેકને માટે જે શ્રેષ્ઠ હોય છે તે જ ઇચ્છે છે. (CWM 17:10)

*

કરુણા સર્વેની વેદના મટાડવા માગે છે, લોકો એને માટે લાયક હોય કે ન હોય.

કૃપા વેદનાના અસ્તિત્વના અધિકારને માન્ય રાખતી નથી અને એને નાબૂદ કરી દે છે.

(CWM 16 : 345)

*

## વિશ્વનો ભાર વહન કરવો

**માતાજી, જ્યારે પ્રભુ માનવની વેદનાને પોતાની ઉપર સ્વીકારી લે છે... ત્યારે આ વેદનાની અસર આપણા ઉપર જેવી થાય છે તે રીતે જ પ્રભુ ઉપર થાય છે ? એટલે કે આપણે જે રીતે દર્દ અને દુઃખ અનુભવીએ છીએ તે રીતે જ પ્રભુ અનુભવે છે ?**

ના ! હું કહી શકું કે ના ! કારણ કે સ્પષ્ટ રીતે અજ્ઞાનની અવસ્થા અને જ્ઞાનની અવસ્થામાં તાત્ત્વિક ભિન્નતા હોય છે. તમને કાંઈક દર્દ આપનારી વસ્તુ બને એમ કહીએ અને અજ્ઞાનમય અવસ્થામાં આ દર્દજનક વસ્તુ એક વિશિષ્ટ લક્ષણ બતાવે છે. પરંતુ જો તમે આ દર્દમય વસ્તુ જ્ઞાનની સ્થિતિમાં સ્વીકારો તો તે તેનાં લક્ષણો ન બતાવે. ચાલો આપણે એક સ્થૂલ દાખલો લઈએ. કહો કે એક સ્થૂલ ફટકો, એક સરસ ફટકો. (ક્રિયા) સારું, જ્યારે માનવી સામાન્ય માનવ અજ્ઞાનતામાં હોય ત્યારે તેની પૂરેપૂરી અસર થાય. તેનો આધાર કેવળ તેની ઉગ્રતા ઉપર, કોણે તે ફટકો માર્યો, કોણે તે ઝીલ્યો, તેની ઉપર છે. તમે સમજ્યા, પરંતુ તે જ ફટકો તે જ રીતે મારવામાં આવ્યો હોય, તે જ વ્યક્તિ દ્વારા અને તે જ વ્યક્તિને જેનામાં અજ્ઞાનને બદલે જ્ઞાન હોય તો તાત્કાલિક શરીરનો પ્રતિભાવ એવો આવશે કે તેના પરિણામની અસર ઓછામાં ઓછી થશે. અને આ નક્કર હકીકત છે. કેટલીક વખત તો આ પરિણામોને બિલકુલ બિનઅસરકારક બનાવવા સુધી પણ જઈ શકાય છે. તે એટલી હદ સુધી જઈ શકે છે, એટલે કે એવી સ્થિતિ ને અસરોને નાબૂદ કરી શકે છે, કારણ કે તેનું પ્રતિકાર્ય અજ્ઞાનમાંથી આવવાને બદલે જ્ઞાનમાંથી આવેલું છે અને તેથી આપણે એમ ન કહી શકીએ કે તે એકની એક જ વસ્તુ છે.

નૈતિક બાબતોમાં તો આ બિલકુલ સ્પષ્ટ વસ્તુ છે, તમે સમજ્યા ! કારણ કે તમે લાગણીને ધક્કો લગાડવાને બદલે દા.ત. સામાન્ય લાગણીના અહંકારયુક્ત તમસને બદલે વ્યક્તિ તટસ્થ તાથી વિચારે અને જે વસ્તુ હોય તેનું જ નિરીક્ષણ કરે, કયાં આંદોલનોનું મિશ્રણ થયું છે તે નિહાળે અને તાત્કાલિક વ્યક્તિ તેના ઉપર પ્રકાશ, જ્ઞાન અને સત્ય ફેંકે તો બધી જ વસ્તુ તેની જગ્યાએ પાછી ચાલી જાય. પરંતુ હું આગ્રહ રાખું છું કે સૌથી ભૌતિક શરીર ઉપર પણ અને સૌથી સ્થૂલ રીતે પણ અસર એકસરખી થતી નથી.

ઉપરાંત તે સમજવું બહુ સહેલું છે, કારણ કે અસર જો એક જ પ્રકારની થતી હોય તો પ્રભુ પોતે પોતાના ઉપર અનિષ્ટ વસ્તુઓ સ્વીકારી લે તો તેમાં કોઈ પણ પ્રકારનાં સુખી પરિણામો ન આવે. કારણ કે તેઓ જે પ્રકારનાં છે તે પ્રકારનાં જ રહે. અને વિશ્વ જે પ્રકારનું છે તે પ્રકારનું જ રહે. તે એટલા માટે છે, કારણ કે પ્રભુમાં તમસ-સંયુક્ત આંદોલનોને પ્રકાશયુક્ત આંદોલનોમાં

રૂપાંતર કરવાનું સામર્થ્ય છે, જેથી કરીને તે પોતાની જાતમાં સર્વ વસ્તુને ધારણ કરી શકે. નહિ તો પછી આ બધું બિનઉપયોગી થાય એટલું જ નહિ પણ અશક્ય બને. તે એક અર્થહીનતા બને. (શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : પૃ. ૨૭૯-૮૦)

*

## વ્યવહાર રાખવાની દિવ્ય રીત

બધાની સાથે એકસરખો વર્તાવ રાખવાની વાત તો એથી પણ વધારે ખરાબ ગૂંચવાડો છે ! જ્યારે માણસ એમ કહે છે કે ભગવાને બધા સાથે એકસરખો વ્યવહાર રાખવો જોઈએ, ત્યારે જે પ્રકારનો ગૂંચવાડો આ કથનમાં છે, તે જ પ્રકારનો ગૂંચવાડો એ પ્રશ્નની વાતમાં પણ છે. તો તો પછી જગતમાં આવી વિવિધતા સર્જવાની તકલીફ લેવાની શી જરૂર હતી ? બે વ્યક્તિઓ પણ એકસરખી ન હોય એવી વિવિધતા સર્જવાની પછી શી જરૂર હતી ? કારણ કે આ વાત વિવિધતાના સિદ્ધાંતનો જ વિરોધ કરે છે.

વિશ્વમાં સર્વને માટે સમજનું, એકતાનું, પ્રેમનું, પરિપૂર્ણ કરુણાનું એક જ ગહન વલણ હોવાની તમારે અભીપ્સા રાખવી જોઈએ. પણ આ વલણ વ્યક્તિના સત્ય અનુસાર અને તેની જરૂરિયાત અનુસાર, દરેક જણને ભિન્ન-ભિન્ન રીતે લાગુ પડશે. હેતુ અથવા કાર્યનું ઉદ્‌ભવસ્થાન એક જ છે, પણ દરેક વ્યક્તિના ગહનતર સત્ય અનુસાર, તે વ્યક્તિ અનુસાર, કાર્ય તદ્દન પરસ્પર વિરોધી લાગે તેવું અને ભિન્ન ભિન્ન હોવાનું. તે માટે માણસમાં ઉચ્ચતમ વલણ હોવું જોઈએ, જે ખૂબ ગહન, ખૂબ તાત્ત્વિક રીતે સત્ય, બાહ્ય પરિસ્થિતિઓથી તદ્દન મુક્ત હોવું જોઈએ. ત્યારે જ માણસ હર ક્ષણે માત્ર તાત્ત્વિક સત્યને જ નહિ, પણ કાર્યના સત્યને પણ જોઈ શકે છે. દરેક વ્યક્તિ દીઠ તે ભિન્ન ભિન્ન હોય છે. અને છતાં ચેતનાની સ્થિતિ અથવા લાગણી તાત્ત્વિક રીતે એક જ હોય છે.

પણ જ્યાં સુધી માણસ વસ્તુઓના તાત્ત્વિક ઊંડાણમાં પ્રવેશતો નથી અને ઉચ્ચતમ શિખરો પરથી વસ્તુઓને જોતો નથી, ત્યાં સુધી આ સમજી શકાતું નથી. પછી પ્રકાશના એક કેન્દ્રમાંથી અથવા પૂરતી ઉચ્ચ અને ગહન ચેતનામાંથી વસ્તુઓને એકી વખતે તેમના તત્ત્વમાં તેમ જ તેમના આવિર્ભાવમાં જોઈ શકાય છે. જોકે ચેતનાનું કેન્દ્ર એક જ હોય છે, પણ કાર્ય, આવિર્ભાવ જેટલું જ, વિવિધ હશે. તે દિવ્ય સત્યના આવિર્ભાવમાં તેનો સાક્ષાત્કાર છે. નહિ તો, જગતની સર્વ વિવિધતાનો અંત આવી જશે, અને તેને તાત્ત્વિક અનાવિર્ભૂત એકતામાં પાછું મૂકવાનું બની જશે, કારણ કે માત્ર અનાવિર્ભાવમાં જ એક પરમ તત્ત્વ એક રૂપે પ્રગટેલું હોય છે. પણ આવિર્ભાવમાં પ્રવેશતાંની સાથે જ, એક અનેક રૂપે પ્રગટ થાય છે, અને અનેકતા અનેક પ્રકારનાં કાર્યો અને રીતો સૂચવે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૮ : પૃ. ૩૭૮-૭૯)

*

## સૃષ્ટિની વેદના ઈશ્વર પોતાના ઉપર લઈ લે છે

બાળક : માતાજી, આપણને વેદના અજ્ઞાન અને દુઃખમાંથી આવતી હોય છે. પરંતુ મા

ભગવતી પોતાનાં બાળકો માટે જે વેદના અને દુઃખ અનુભવતાં હોય છે તે કેવા પ્રકારનાં હોય છે.

**શ્રી માતાજી :** એ થવાનું કારણ એ છે કે મા ભગવતી તેમની પ્રકૃતિમાં ભાગ લેતાં હોય છે. તેઓ તેમની પ્રકૃતિમાં ભાગીદાર થવાને માટે પૃથ્વી ઉપર નીચે આવેલાં છે. કેમ કે તેમણે જો તેમની પ્રકૃતિમાં ભાગ ન લીધો હોત તો તેઓ આગળ દોરી જઈ શક્યાં ન હોત. તેઓ જો પોતાની પરમ ચેતનામાં જ બેઠેલાં રહ્યાં હોત તો કે જ્યાં વેદના હોતી નથી, તેઓ જો પોતાના પરમ જ્ઞાનમાં અને ચેતનામાં બેઠેલાં રહ્યાં હોત તો તેઓ માનવ પ્રાણીઓ સાથે સંપર્કમાં આવી શક્યાં ન હોત અને એટલા માટે તેમને માનવનું રૂપ અને ચેતના ધારણ કરવાની ફરજ પડેલી છે, તેમની સાથે સંપર્કમાં આવી શકાય તેટલા માટે. માત્ર એટલું જ કે, તેઓ પોતે વિસ્મરણમાં ડૂબી જતાં નથી : તેમણે માણસોની ચેતના ધારણ કરેલી હોય છે પરંતુ તેઓ પોતાની મૂળ, પરમ ચેતના સાથે સંબંધમાં રહેતાં હોય છે. અને આ રીતે, આ બેનું જોડાણ કરીને તેઓ જે લોકો પેલી બીજી ચેતનામાં રહેલાં હોય છે તેમને પ્રગતિ કરાવી શકે છે. પરંતુ તેમણે જો એ લોકોની ચેતના ધારણ ના કરી હોત, તેઓ જો એ લોકોની વેદનાની સાથે સાથે પોતે પણ દુઃખ ન અનુભવતાં હોત તો તેઓ મદદ કરી શક્યાં ન હોત. મા ભગવતીની વેદના તે અજ્ઞાનની વેદના નથી. એ વેદના તાદાત્મ્યમાંથી આવે છે. એ થવાનું કારણ એ છે કે તેમણે એ લોકોના જેવાં જ આંદોલનો અનુભવવાનું સ્વીકાર કરેલું છે, એમની સાથે સંપર્કમાં આવી શકાય અને તેમને તેઓ જે અવસ્થામાં છે તેમાંથી બહાર ખેંચી કાઢી શકાય એટલા માટે તેમણે આ કહેલું છે. મા ભગવતી જો આ લોકો સાથે સંપર્કમાં આવ્યાં ન હોત તો લોકોને તેમનો અનુભવ જરા પણ થાત નહિ, અથવા કોઈ પણ તેમના પ્રકાશને ઝીલી શક્યું ન હોત!.... આ વસ્તુ અનેક રૂપે, અનેક રીતના ધર્મોમાં કહેવાયેલી છે. અને લોકોએ ઘણી વાર પ્રભુના દિવ્ય બલિદાનની વાત કરેલી છે. પણ અમુક દૃષ્ટિબિંદુથી જોતાં તે સાચું છે. એ એક સ્વેચ્છાથી કરેલું બલિદાન છે, પણ એ સાચું છે. બાહ્ય જગતને તેના અજ્ઞાનમાંથી બહાર ખેંચી લાવવા માટેની શક્તિ મળે તેટલા માટે અજ્ઞાનની અવસ્થાનો સ્વીકાર કરવો, સંપૂર્ણ ચેતનાની અવસ્થાનો ત્યાગ કરવો. સંપૂર્ણ પરમાનંદ, સંપૂર્ણ શક્તિની અવસ્થાનો ત્યાગ કરવો, આ અવસ્થાનો જો સ્વીકાર કરવામાં ન આવે તો તે અવસ્થા સાથે કોઈ સંપર્ક સધાય નહિ. કોઈ સંબંધની શક્યતા રહે નહિ. અને અવતારો થાય છે તેનું કારણ આ છે. એમ ન હોત તો અવતારની કોઈ જરૂર રહેત નહિ. જો દિવ્ય ચેતના તથા દિવ્ય શક્તિ પોતાની પૂર્ણતાના સ્થાનમાંથી અથવા તો અવસ્થામાંથી સીધેસીધી કામ કરી શકતી હોત, એ જો જડતત્ત્વ ઉપર સીધેસીધી કામ કરી શકતી હોત અને તેનું રૂપાંતર કરી શકતી હોત, તો પછી તેને માનવના જેવું શરીર ધારણ કરવાની જરૂર ન રહી હોત, સત્યના જગતમાંથી પેલી સંપૂર્ણ ચેતના સાથે, અને ચેતના ઉપર કામ કરવામાં આવે તો એટલાથી કામ ચાલી જાત. હકીકતમાં તો એ રીતે કદાચ કામ થાય છે, પરંતુ તે એટલું બધું ધીમું હોય છે કે, જ્યારે જગતને પ્રગતિ કરાવવાને માટે, તેને વધારે વેગથી

આગળ ધપાવવા માટે આમાં પ્રયત્ન થઈ રહ્યો હોય છે ત્યારે, આમ તો, માનવ પ્રકૃતિ ધારણ કરવાની જરૂર પડે છે. માનવનું શરીર ધારણ કરવા જતાં, થોડેઘણે અંશે આપણે માનવ પ્રકૃતિ પણ ધારણ કરવાની ફરજ પડે છે. માત્ર એટલું જ કે, એમાં આપણે આપણી ચેતના ગુમાવી દેતા નથી તેમ જ સત્ય સાથેનો સંબંધ ગુમાવી દેતા નથી, પણ આ ચેતના અને સત્યને જાળવી રાખીએ છીએ અને એ બેનું જોડાણ કરીને આપણે રૂપાંતરનો આ પ્રમાણેનો કીમિયો બરાબર સમજી શકીએ છીએ. પરંતુ આપણે જડતત્ત્વને સ્પર્શ કર્યો ન હોત, તો આપણે એને માટે કશું જ કરી શક્યા ન હોત. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૫૨૦-૨૨)

*

## કરુણા અને ઈશ્વરની દરમિયાનગીરી

અને ત્યારે, હસ્તક્ષેપ ન કરવો એ હંમેશાં ડહાપણભર્યું છે, લોકો કશા તાલમેલ વિના બીજાની બાબતામાં હસ્તક્ષેપ કર્યે જાય છે. કારણ કે તેમને પોતાનો અભિપ્રાય આપવાની આદત પડી ગઈ હોય છે.

જ્યારે તમારી પાસે સાચી વસ્તુની દૃષ્ટિ હોય ત્યારે પણ હસ્તક્ષેપ કરવાનું કામ જવલ્લે જ ડહાપણભર્યું હોય છે. એ તો જ્યારે કોઈ વ્યક્તિ કોઈ એવી વસ્તુ કરવા માગતી હોય કે જેનું પરિણામ અવશ્ય કોઈ આપત્તિમાં આવે ત્યારે જ એ અનિવાર્ય બને છે અને ત્યારે પણ, એ હસ્તક્ષેપ (હસે છે) હંમેશાં બહુ અસરકારક નથી નીવડતો.

ખરી રીતે, હસ્તક્ષેપ કરવો ત્યારે જ વ્યાજબી ગણાય જ્યારે તમને તમારી સત્ય વિશેની દૃષ્ટિની તદ્દન ખાતરી હોય. એટલું જ નહિ પણ તમારી પાસે પરિણામો વિશેનું એક સ્પષ્ટ દર્શન હોવું જોઈએ. અન્ય વ્યક્તિનાં કાર્યમાં હસ્તક્ષેપ કરવા માટે તો તમારે એક પયગંબર, પયગંબર થવું જોઈએ. અને સંપૂર્ણ શુભત્વ તેમ જ કરુણાના પયગંબર થવું જોઈએ. એ અન્ય વ્યક્તિના ભાવિમાં તમારા હસ્તક્ષેપનું શું પરિણામ આવશે તેનું સ્પષ્ટ દર્શન હોવું જોઈએ. લોકો હંમેશાં બીજાને સલાહ આપતા રહે છે; ''આમ કરો, આમ ન કરશો.'' હું એ જોઉં છું; તેમને ખબર નથી હોતી કે તેઓ કેટલો બધો ગોટાળો અને ગેરવ્યવસ્થા ઊભી કરે છે, તેઓ કેટલા પ્રમાણમાં ગૂંચવાડા અને ગેરવ્યવસ્થામાં વધારો કરે છે. અને કેટલીકવાર એ લોકો વ્યક્તિની સાહજિક ખીલવણીમાં બાધા નાખે છે.

હું તો એમ ગણું છું કે અભિપ્રાયો હંમેશાં ભયંકર હોય છે અને ઘણી ખરી વાર તો અર્થહીન હોય છે.

જો તમે બીજા લોકો કરતાં અનંતગણા ડાહ્યા ન હો તો તમારે બીજા લોકોની બાબતમાં માથું ન મારવું, જો કે દરેક વ્યક્તિ પોતાને વધુ ડાહી ગણતી હોય છે ! પરંતુ મારા કહેવાનો ભાવાર્થ એ છે કે તમારું મૂલ્યાંકન એક વસ્તુલક્ષી પ્રકારનું હોવું જોઈએ, તમારા અભિપ્રાય મુજબનું નહિ. અને તમે વધુ આગળ અને વધુ સારી રીતે જોઈ ન શકતા હો, તમે પોતે જ જો સર્વ પ્રકારના આવેગો, કામનાઓ, અંધ પ્રતિકાર્યોથી પર ન હો તો હસ્તક્ષેપ ન કરવો. જો તમે

આ સર્વે વસ્તુઓથી ઉપર હો તો જ તમને બીજાના જીવનમાં હસ્તક્ષેપ કરવાનો હક્ક છે. અને તે પણ જો એ તમને તેમ કરવા કહે તો. અને જો તે એમ ન કહેતા હોય તો તો પછી તમે કોઈ એવી વસ્તુમાં માથું મારો છો જેની સાથે તમારે કોઈ નિસ્બત નથી.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૦ : પૃ. ૨૭૧-૭૨)

*

## કરુણા અને વસ્તુમાત્રનું દિવ્ય દર્શન

જે લોકો બુદ્ધિના ઉચ્ચ પ્રદેશોમાં તો પહોંચ્યા હોય છે, પણ તેમને પોતાની માનસિક શક્તિઓ ઉપર પ્રભુત્વ મળેલું નથી હોતું તેમનામાં એક એવી નિર્દોષ ઇચ્છા કામ કરતી હોય છે કે જગતમાં દરેક જણ તેમની માફક જ વિચાર કરતું થાય અને પોતે સમજે છે રીતે જ લોકો સમજતા થાય અને એમને જ્યારે જોવા મળે છે કે બીજા લોકો એમની માફક સમજતા નથી હોતા, સમજી શકતા નથી હોતા ત્યારે તેમને ખૂબ જ આઘાત લાગે છે અને તેઓ બોલી ઊઠે છે, 'કેવો તો જડસો છે !' પણ બીજા માણસો જડસા નથી હોતા, જુદી રીતના હોય છે, એ બીજા પ્રદેશમાં રહેતા હોય છે. કોઈ જાનવરને તમે જઈને એમ નથી કહેતા કે : 'તું જડસું છે', તમે એમ કહો છો કે, 'એ જાનવર છે'. તો, આમાં પણ તમે કહો છો કે, 'એ માણસ છે'. એ માણસ છે. પણ માત્ર એટલું જ કે, કેટલાક લોકો એવા છે કે તે હવે માણસ રહ્યા નથી અને હજી દેવો બન્યા નથી, એ લોકો એક એવી સ્થિતિમાં.... જરા કઢંગી સ્થિતિમાં હોય છે. પણ આ દર્શન એટલું બધું તો આશ્વાસન દેનારું હતું. એટલું તો મધુર, એવું તો અદ્‌ભુત હતું — દરેક વસ્તુ પોતાના તત્ત્વને પ્રગટ કરી રહી હતી, સાવ સ્વાભાવિક રીતે.

અને એ વાત તો સાવ દેખીતી છે કે આપણને આવું દર્શન થાય, એના સંપૂર્ણ સભર રૂપમાં અને સમગ્ર રૂપમાં, તે પછી આપણને એક કરુણાના જેવી કાંઈક વસ્તુ મળી આવે છે અને એ કરુણા બધું સમજી શકતી હોય છે — ઉચ્ચ લોકોને નીચલા લોકો તરફ દયા થતી હોય છે તેવું નહિ : એ સાચી દિવ્ય કરુણા હોય છે અને તે એક એવા પૂર્ણ જ્ઞાન રૂપે હોય છે કે દરેક વસ્તુ તે જેવી હોવી જોઈએ તે જ પ્રમાણેની છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૧ : પૃ. ૩૧-૩૨)

*

## કરુણા અને દિવ્ય પ્રેમ

પણ પછી, જ્યારે આપણામાં દિવ્ય પ્રેમની આ સાચી કરુણા જન્મે છે અને આપણે આ બધી ખૂબ જ ભયંકર દેખાતી, ખૂબ જ વિષમ, ખૂબ જ અર્થ વિનાની વસ્તુઓ જોઈએ છીએ, આપણે જ્યારે સર્વ પ્રાણીઓ ઉપર અને તમામ વસ્તુઓ ઉપર આવી રહેલું આ મહાન દર્દ અનુભવીએ છીએ... ત્યારે પછી એ સૌને આશ્વાસન આપવા માટેની, મટાડી દેવા માટેની, દૂર કરવા માટેની અભીપ્સા આ સ્થૂલ શરીરમાં જન્મ પામે છે. પ્રેમમાં એના મૂળ સ્થાનમાં, કંઈક એવું રહેલું છે કે જે સતત કૃપા તરીકેના અંતઃપ્રવેશનું રૂપ લેતું હોય છે : એક શક્તિ, એક મધુરતા, આશ્વાસનના આંદોલન જેવું કાંઈક, બધે ફેલાઈ ગયેલું હોય તેવું ત્યાં હોય છે,

પણ એ વસ્તુને એક આલોકિત બનેલી ચેતના અમુક બિંદુઓ ઉપર વાળી શકે છે, એકાગ્ર કરી શકે છે. અને આ બાબતમાં, આ જ બાબતમાં મેં જોયું કે આપણે આપણા વિચારનો સાચો ઉપયોગ કરી શકીએ છીએ : વિચાર તે આ આંદોલનને હરેક સ્થળે પહોંચાડવાનું, જ્યાં જ્યાં જરૂર હોય ત્યાં પહોંચાડવાનું સાધન બની શકે છે. આ શક્તિ, મધુરતાનું આ આંદોલન જગત ઉપર એક સ્થિર રીતે આવી રહેલું છે, પોતાને ઝીલવામાં આવે તે માટે દબાણ કરી રહ્યું છે, પરંતુ એ ક્રિયા બિનઅંગત રીતની હોય છે, અને વિચાર — આલોકિત બનેલો વિચાર, સમર્પિત બનેલો વિચાર, વિચાર કે જે હમણાં તો માત્ર એક કરણ રૂપ હોય છે, કે જે વસ્તુઓનો આરંભ કરવા પ્રયત્ન કરતો હોતો નથી, કે જે ઊર્ધ્વ ચેતના દ્વારા સંચાલિત બનવાથી સંતુષ્ટ હોય છે — આવો વિચાર એક સંપર્ક, એક સંબંધ સ્થાપિત કરવા માટે, જ્યાં જ્યાં જરૂરી હોય ત્યાં, અમુક ચોક્કસ બિંદુઓ ઉપર આ બિનઅંગત શક્તિ કામ કરી શકે તે માટે એક માધ્યમ રૂપ બની રહે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૧ : પૃ. ૪૫-૪૬)

*

**કરુણા અને ન્યાય**

**પ્રશ્ન :** ઈશ્વર શું અન્યાયને સજા કરે છે? શું ઈશ્વર માટે કોઈને પણ સજા કરવી એ શક્ય છે ખરું?

**ઉત્તર :** માણસો વસ્તુઓને જે રીતે જુએ છે તે રીતે ઈશ્વર વસ્તુઓને જોતા નથી અને એમને સજા કરવાની કે ઇનામ આપવાની જરૂર હોતી નથી. પ્રત્યેક કાર્ય, બધાં કાર્ય, પોતાની અંદર જ એનાં પરિણામો અને એનાં ફળોને ધારણ કરતાં હોય છે.

*

માનવીય નિયમ મુજબ દોષીને સજા થવી જ જોઈએ. પરંતુ માનવીય નિયમ કરતાં વધુ અનિવાર્યપણે આવશ્યક એવો અન્ય નિયમ છે. એ છે દિવ્ય નિયમ, ઈશ્વરીય નિયમ, કરુણા અને દયાનો નિયમ. આ નિયમને લીધે જ વિશ્વ ટકી રહી શક્યું છે અને સત્ય તથા પ્રેમ પ્રતિ પ્રગતિ કરી રહ્યું છે. (CWM 14 : 24)

*

ઈશ્વરીય કરુણા જેનું ભક્ષણ થયું હોય છે તેની જ પાસે માત્ર પહોંચી જાય છે એવું નથી; એ તો ભક્ષક પાસે પણ પહોંચી જ જાય છે. જેના ઉપર જુલમ થઈ રહ્યો છે એને જ માત્ર નહિ, જુલમ કરનારને પણ એ સાંત્વના આપે છે. (CWM 14 : 131)

*

..... માણસો હંમેશાં એવું માને છે કે દોષીને સજા થવી જ જોઈએ. એ જ છે મુશ્કેલી દૂર કરવાની રીત. પરંતુ સાચી રીત છે : કરુણા અને દયા. સાચી અને ખોટી વસ્તુ શું છે, એ બાબતે તમે અજ્ઞાન હો છો એવું નથી હોતું; પરંતુ તમારી અંદર સહજ દયાભાવ રહેલો હોય છે, આયાસ વગર — અને સર્વ સમય. એ દર્શન એકદમ સ્પષ્ટ હતું કે પ્રગતિ એ જ રીતે શક્ય

છે — ગુનાને જો હંમેશાં દંડવામાં જ આવે, તો તો પછી પ્રગતિ કરવા માટે કોઈ પણ વ્યક્તિ રહે જ નહિ ! (The Mother : Conversations with a disciple : November 19, 1966)

*

## પરમ કરુણા બધાં ઉપર કાર્ય કરી રહી છે

આ ત્રણ દિવસો દરમિયાન મને એક દર્શન થતું રહ્યું છે. પ્રત્યેક ક્ષણે મૂર્ત દર્શન, — એ એમ દર્શાવતું હતું કે કેવી રીતે 'પરમ ચેતના' (મને એને અંગત રીતે 'પરમ પ્રભુ' તરીકે સંબોધન કરવાનું ગમે છે) પ્રત્યેક ક્ષણે તમારે જે ચોક્કસપણે કરવાનું હોય, જે જોવાનું હોય, કે જે કહેવાનું હોય, પ્રત્યેક વસ્તુ માટે જે જરૂરી હોય તે જ તમારી પાસે કરાવે છે, જેથી તમે આમ આગળ વધ્યે જ જાઓ.(વૈશ્વિક બળોની અગણિત જટિલ ગતિવિધિઓ દર્શાવતી ગોળ નિશાની.) પ્રગતિ કરતા જ રહો. હજુ એ સ્પષ્ટ, સર્વશક્તિમાન એવી સીધેસીધી શક્તિઓની કચડી નાખતી હિલચાલ નથી હોતી. (ઊર્ધ્વમાંથી નીચેની તરફની નિશાની, પ્રકાશની સમશેર જેવી) એ ગતિવિધિ, હિલચાલ આ મુજબ હોય છે; (અગાઉની ગોળ નિશાની) પરંતુ આશ્ચર્યજનક - સુંદર પ્રકારે સૂક્ષ્મ, ચતુર, પ્રત્યેક વસ્તુ માટે માનની લાગણી ધરાવનાર, પ્રત્યેક વસ્તુ, જેને તમે જાણતા હો. એ ગતિવિધિ ધ્યેય પ્રતિ દોરી જવા પ્રત્યેક ચીજનો ઉપયોગ કરી લેતી હોય છે. 'સ્ખલનો' પણ — સ્ખલનો હોતાં નથી, કારણ ચેતના જ્યારે ત્યાં હોય ત્યારે સ્ખલન અજ્ઞાન દ્વારા થતું હોતું નથી. કોઈ વસ્તુ કહેવામાં આવે છે કે કરવામાં આવે એનું કારણ એ જ કે તે વસ્તુ કહેવાની કે કરવાની જરૂર હતી. દેખીતી રીતે એ મૂર્ખામીભરેલી ભૂલ કેમ ન હોય, છતાં એ ચોક્કસપણે પ્રત્યેકને માટે, સર્વને માટે આગળ વધવા માટે જરૂરી એવી જ ક્રિયા હોય છે. (અગણિત ગોળાકારની એ જ નિશાની) જે ઇચ્છિત ધ્યેય પ્રતિ તેજસ્વી રીતે આગળ વધી રહી હોય. એ એકદમ આશ્ચર્યજનક હોય છે. નાનામાં નાની વિગતોમાં અને સમગ્રમાં એ દેખાતી હોય છે. ચેતનાનું આ આશ્ચર્ય, આ સુંદરતા પ્રત્યેક પાસે જે કરવાનું જ હોય એ કરાવે છે, દરેક વસ્તુને એના સ્થાનમાં મૂકી આપે છે, પ્રત્યેક વસ્તુને ગોઠવી આપે છે. અને આપણી મૂઢતા, પૂરેપૂરું અજ્ઞાન અને મંદબુદ્ધિ દર્શન આપણને ભૂલો, સ્ખલનોમાં માનતા કરી દે છે. પ્રત્યેકની અંદર.... એક કોયડો હોય છે, જેને ઉકેલવાનો રહે છે, એટલે એ બધા કોયડાઓ એકબીજામાં પ્રવેશી જતા હોય છે અને સમગ્રને, સર્વને આ પ્રસિદ્ધ સત્ય પ્રતિ દોરી જવાના છે (સાચું સત્ય) પરંતુ તમે જાણો છો કે આ વ્યવસ્થાના આશ્ચર્ય પ્રતિ, તમારી આસપાસની સર્વે નાની નાની વસ્તુઓ સહિત, સર્વે નાના લોકો, જે તમારી આસપાસ છે, જે ક્ષુદ્ર સંજોગો છે.... આ આશ્ચર્યને કલાકો સુધી હું પ્રશંસાપૂર્વક — પરમ આનંદદાયી પ્રશંસા — નિહાળતી રહું છું.

અને પછી, આ અતિ અભિમાની મન, જે કશું જ સમજતું હોતું નથી અને પોતાના સર્વશક્તિમાન જ્ઞાન વડે પોતાને પ્રસ્થાપિત કરતું હોય છે. ઓહ ! ..... એ કેવું તો હાસ્યાપદ લાગે છે ! એ છે સર્વે શક્યતાઓ અને સર્વે અશક્યતાઓનો મહત્તમ ઉપયોગ; મહત્તમ શક્તિમાં અને મહત્તમ કરુણામાં અને વધારામાં.... સ્મિત ! હાસ્ય, વિનોદવૃત્તિ, ઓહ !....

કેવી તો દયાળુ, પરોપકારી લીલા, કેવી તો કરુણાપૂર્ણ, કેવી અદ્ભુત.... અને આ અતિ અભિમાની મન, ખરેખર એક વિલક્ષણ ઘટનાઃ એ મન જેને જાણતું નથી એના વિશે ચુકાદો આપવામાં પોતાનો સમય પસાર કરે છે; એ જે જોઈ શકતું નથી એને વિશે નિર્ણય બાંધવામાં પોતાનો સમય પસાર કરતું રહે છે....

(Conversations with a disciple : March 22, 1967)

*


**કરુણા અને વિનાશ**

કરુણા એ કંઈક જુદી જ વસ્તુ છે. એ આવે છે ઊર્ધ્વમાંથી. માનવોની વેદના અને પૃથ્વી પર જે દુઃખ છે એને માટેની અનુકંપાની અવસ્થા, એ છે કરુણા. અને જેટલી માત્રામાં એમાં મદદ કરવાનો ખ્યાલ, વ્યક્તિ પોતાની રીતે, ગમે ત્યારે એ મદદ કરી શકે એ કરવી એવો જે વિચાર છે, એ છે, કરુણા. એ દયાભાવ જેવી કોઈ વસ્તુ નથી. એ છે દેવો, જેઓ માનવ દુઃખ પ્રતિ ઊર્ધ્વમાંથી નિહાળતા હોય છે — અચલિત. કરુણા વિનાશ પણ કરી શકે છે અને એ વિનાશ કરે છે કરુણાપૂર્વક. દયા — દુર્ગા જે રીતે રાક્ષસોનો, વિરોધી સ્વરૂપોનો વિનાશ કરે છે એ રીતે. એમાં પછી દયા રાખી શકાય નહિ. ઘણી વખત રાક્ષસ આવે અને એને બચાવી લેવા તમને કહે, તમારી આધ્યાત્મિક શક્તિ વડે તમે એનું રૂપાંતર કરી આપો એવી વિનંતી પણ કરે — અમુક સ્વરૂપોએ શ્રી માતાજી સમક્ષ આ પ્રમાણે આવીને વિનંતી કરી હતી. શ્રી માતાજીએ પોતાના દર્શનમાં આ જોયું હતું. તમે જો એમ કરો તો તમારી બધી શક્તિ રાક્ષસો પાસે ચાલી જાય અને તમે શક્તિહીન બની જાઓ. આવાં પ્રાણમય સ્વરૂપો માણસોની અંદર અવતરે ત્યારે કરુણા તમને એમનો સંહાર કરતાં રોકે નહિ.

(Evening Talks with Sri Aurobindo, P. 63)

*

**'હું જ્યારે અવિદ્યાની નિદ્રામાં હતો ત્યારે એક વાર એક ધ્યાનમંદિરમાં હું જઈ ચડ્યો. ત્યાં બધા સંતસાધુઓ ભેગા થયેલા હતા, પણ એમની સોબતમાં મને કંટાળો આવવા લાગ્યો, એ સ્થાન મને કેદખાના જેવું લાગ્યું. પછી હું જ્યારે જાગૃત બન્યો ત્યારે પ્રભુ મને એક કેદખાનામાં લઈ ગયા અને એ સ્થાનને તેમણે ધ્યાન મંદિર બનાવ્યું, એમને મળવા માટેનું મિલન મંદિર બનાવ્યું.'**



માગે અહીં સ્વર્ગ ઉતારવા જે
પંકે સ્વયં ઊતરવું જ પડંત તેને,
ભૂ-ભાવનો ભાર પડે ઉઠાવવો,
ને માંડવા દુઃખપથે પડે પદો.

આવેલ છું દૈવત મારું નિગ્રહી
કાર્પણ્યદોષે ભર આ ધરાતલે,
મથંત અજ્ઞાન બની મનુષ્ય
દ્વારો વચ્ચે મૃત્યુ ને જન્મ કેરાં

CWSA 2 : 534 Sri Aurobindo

અનુઃ શ્રી પૂજાલાલ, (શ્રી અરવિન્દનાં કાવ્યો : ૩૬૫-૬૬)

# સદાસર્વદા દયાળુ પ્રભુ

**તમારે જે જાણવું જરૂરી છે, તે આ**

એ બાબતે જે કોઈ યોગ્ય હતા, — યોગ્યતા અને અયોગ્યતા, એ કહેવાની એક રીત છે; માનવ એની બાહ્ય પ્રકૃતિમાં યોગ્ય અને લાયક હોતો નથી. (અલબત્ત, આધ્યાત્મિક બાબતો વિશે) પરંતુ એના અંતરમાં આત્મા છે અને ઊર્ધ્વમાં પ્રભુકૃપા છે.

'તમારે જે જાણવું જોઈએ, કે જે જાણવાની જરૂર છે તે આટલું જ.'

(Correspondence with Nirodbaran, P.461)

*

**ખૂબ જ પ્રેરક સૂત્ર**

**તમારા પત્રમાં મને ખૂબ જ પ્રેરક સૂત્ર જોવા મળ્યું — 'અંતરમાં આત્મા છે અને ઊર્ધ્વમાં પ્રભુકૃપા છે' જેના વિશે આપ જણાવો છો : 'તમારે જે જાણવું જોઈએ, કે જે જાણવાની જરૂર છે, તે આટલું જ.' શું એ જ ખરેખર સર્વ કંઈ છે ?**

એવી કોઈ પણ વ્યક્તિ જેને આધ્યાત્મિક જીવન જોઈએ છે, તેને માટે હા, એ પૂરતું છે.

**જેને 'કૃપાની અવસ્થા' કહેવાય છે એ અવસ્થા સાધક માત્ર ચીટકી રહીને અથવા તો 'અંતરમાં આત્મા છે' એટલે પ્રાપ્ત કરી શકે ?**

હા, પ્રાપ્ત કરી શકે. અનેક લોકો એમ કરી શક્યા છે.

**પણ સર્વ કોઈની અંદર આત્મા તો રહેલો જ છે અને દરેકની ઉપર, ઊર્ધ્વમાં કૃપા પણ રહેલી જ છે. તો પછી લોકો ઈશ્વરથી વિમુખ કેવી રીતે થઈ જતા હોય છે ?**

એમ થતું હોય છે રાજસિક અહંકાર, મહત્ત્વાકાંક્ષા અને મિથ્યાભિમાનને લીધે — કારણ કે એ લોકો પોતાના પ્રયત્નોમાં માનતા હતા, કૃપામાં નહિ.

**મેં ક્યારેય એમ સાંભળ્યું નથી કે કૃપાએ સર્વ કંઈ કરી દીધું હોય. અને જ્યાં એવું લાગી રહ્યું હોય કે કૃપા સર્વ કંઈ કરી રહી છે, ત્યાં આપણે એ કેવી રીતે જાણી શકીએ કે એ વ્યક્તિએ અગાઉના જીવનમાં સાધના નહિ કરી હોય ? તમે ઇનકાર નહિ કરી શકો. કરી શકશો ?**

આધ્યાત્મિક ઇતિહાસમાં આ પ્રકારનાં અનેક ઉદાહરણો હું આપને દર્શાવી શકું — પ્રસિદ્ધ જગઇ, મધઈના ઉદાહરણથી શરૂઆત કરીને. પરંતુ એવું મગજ, જે ૨+૨=૪ થાય એમ પણ સ્વીકારવા તૈયાર ન હોય એની સમક્ષ એમ કરવું નિરર્થક છે. તમે હા નહિ કહી શકો, કહી શકશો ?

**માત્ર ચીટકી રહેવું એ પૂરતું ન બની રહે. એમ હોય તો આપણા આશ્રમની બિલાડી બુશીને પણ તક રહે જ.**

અલબત્ત, બુશીને માટે તક છે જ — હવે પછીના જન્મમાં નૂતન દરજ્જાના જન્મ પ્રતિ આરોહણ કરવા માટે સર્વ કંઈ એની તરફેણમાં છે.

**કારણ કે અમારે સાધનામાં ભારે પ્રયત્નો કરવા પડે છે, હું કૃપામાં માન્યતા ધરાવતા ખચકાઉં છું. કૃપા શું એવી વસ્તુ નથી, જે બિનશરતી નીચે ઊતરી આવે ?**

કૃપા શરતો પર આધારિત હોતી નથી — અલબત્ત, કોઈ એક કે સર્વ સાધકોને તે બિનશરતી સમર્પણ કરે એનાથી એ જુદી વસ્તુ છે.

**શ્રી રામકૃષ્ણ જે બિલાડીનાં બચ્ચાં જેવું સમર્પણ કરવાની વાત જણાવે છે, એવા બિલાડીનાં બચ્ચાં જેવું સમર્પણ કરનાર સાધકને પણ સમર્પણની નિર્ણાયક એવી ક્રિયા કરવી પડતી હોય છે અને બાકીના સ્વરૂપને આજ્ઞાધીન બનાવવું પડે છે આમ કરવું, તેમને કહેવા દો — એ પૃથ્વી પરની ખૂબ જ મુશ્કેલ એવી વસ્તુ છે.**

બિલાડીનું બચ્ચું એવું હોય છે એ મેં કદાપિ સાંભળ્યું ન હતું — જો એવું હોત તો પછી એ બિલાડીનું બચ્ચું ન કહેવાય. (એ વાંદરાનું બચ્ચું હોત, જે બિલાડીનું બચ્ચું બનવાના પ્રયત્નો કરતું હોય.) પણ એમ લાગી રહ્યું છે કે તમારી પાસે આધ્યાત્મિક બાબતોનું એટલું તો મહાન જ્ઞાન છે (જે મારા અને શ્રી રામકૃષ્ણના જ્ઞાનને પણ ચઢી જાય છે) કે મારે તમારી સમક્ષ નતમસ્તક થઈને વિનમ્રતાપૂર્વક અન્ય ઓછા જ્ઞાની લોકો પ્રતિ વળવું પડે.

*

**સાચે જ તમારો યોગ એક કોયડો છે અને હું એનું માથું કે પૂંછડું પકડી શકતો નથી, કદાચ, કદાપિ હું એમ નહિ કરી શકું.**

તમારે એનું માથું કે પૂંછડું પકડવાની જરૂર જ નથી. મારો યોગ તમારું માથું કે પૂછડું, કે બંનેને પકડે એમ તમે થવા દો તો એ પૂરતું થઈ પડશે. રામ રામ ! પૂંછડાં (મુખના) આગળના ભાગે.

(Correspondence with Nirodbaran, P. 464-466)

*

## દિવ્ય મા ભગવતીની કરુણા અને શ્રેષ્ઠ વલણ

આ સર્વ (વિશ્વ, આશ્રમ) મારી ચેતનામાં ધારણ કરાયેલ છે, અને એક પ્રકારની મૂળભૂત કરુણા સમાન ભાવે સર્વ વસ્તુઓમાં, સર્વ મુશ્કેલીઓમાં, સર્વ અવરોધોમાં લાગુ કરવામાં આવી રહી છે. મને ડઝનો પત્રો મળે છે, તમે જાણો છો. અને પ્રત્યેક વ્યક્તિ એની અલ્પ પીડા કે પ્રશ્ન લઈને મારી પાસે આવે છે, એ પ્રશ્ન કે પીડા આંતરિક હોય કે બાહ્ય હોય. (નાની એવી ફોલ્લી પર્વતનું રૂપ ધારણ કરતી હોય છે....) લોકો જ્યારે મારી પાસે આવે છે ત્યારે મારી આંતર ચેતના હંમેશાં એ જ રીતે એમને પ્રતિભાવ આપતી હોય છે, એક પ્રકારની.... સમતા અને કરુણા સર્વને માટે. પરંતુ લોકો જ્યારે મારી સાથે વાત કરતા હોય છે, અથવા તો હું એમનો પત્ર વાંચતી હોઉં અને મારો દેહ એમની પીડા માટે એ લોકો મને શું કરવાનું જણાવે

છે એ વિશે સભાન બને છે ત્યારે એની અંદર આ પ્રકારની લાગણી હોય છે : 'તે લોકો વસ્તુઓને શા માટે આ રીતે લે છે ! આમ કરીને તેઓ વસ્તુઓને વધુ મુશ્કેલ બનાવી લે છે.' દેહ સમજે છે. એ સમજી જાય છે કે નાનામાં નાની મુશ્કેલીને આ રીતે અંધ, અહંકારપૂર્ણ અને સ્વકેન્દ્રી રીતે લેવાથી એની મુશ્કેલીઓ પ્રચંડ રીતે વધી જતી હોય છે ! એ જરા રમૂજી લાગણી હોય છે, ભાવ અને લાગણીનું મિશ્રણ, કે વસ્તુઓ પરત્વેનું સામાન્ય માનવીય વલણ મુશ્કેલીઓને ઓડનું ચોડ કરીને વધારી દે છે, એનું સ્વરૂપ મોટું કરી દે છે. અને જો એ લોકો સાચું વલણ અપનાવે – નિયમસરનું વલણ, એકદમ સરળ, ગુંચવાડા વગરનું – આહ, સમગ્ર જીવન એકદમ સરળ બની રહે. કારણ દેહ આંદોલનો અનુભવે છે (એ મૂળ આંદોલનો, જે એકાગ્ર થઈને દેહનું નિર્માણ કરતાં હોય છે.) દેહ એની પ્રકૃતિનો અનુભવ કરે છે અને એનું સામાન્યતઃ થતું પ્રતિકાર્ય અનુભવે છે. શાન્ત અને ભરોસાપાત્ર પ્રતિકાર્ય, વસ્તુઓને એટલી તો સહેલી બનાવી દે છે. ..... અને મુશ્કેલીને જો આત્મવિશ્વાસથી સ્વીકારવામાં આવે, સરળતાપૂર્વક સ્વીકારી લેવામાં આવે, તો એ મુશ્કેલીની અસર ઓછામાં ઓછી થઈ જતી હોય છે. અને એ શુદ્ધ રીતે ભૌતિક કક્ષાએ, એનાં ભૌતિક આંદોલનોમાં જ ઓછી થઈ જતી હોય છે. (The Mother : Conversations with a disciple : February 25, 1961)

*

## દિવ્ય કરુણા અને ન્યાયનું ન્યાય પંચ

ભૂલ કે શિક્ષાનો અહીં સવાલ જ નથી - લોકોને એમની ભૂલો માટે અમારે જો એમને ઠપકો આપી સજા કરવાની હોય, સાધક સાથે ન્યાયપંચ જેવો વહેવાર કરવાનો હોય તો સાધના થઈ શકે નહિ. તમારી આ અમારી વિરુદ્ધની નાપસંદ કેવી રીતે યોગ્ય છે તે હું સમજી શકતો નથી. સાધકો પરત્વેની અમારી એકમાત્ર ફરજ જે છે, તે એ કે એમને આધ્યાત્મિક સાક્ષાત્કાર પરત્વે દોરી જવા. ઘરના ઝગડાઓમાં માથુ મારતા કુટુંબના વડા માફક અમે વર્તન કરી શકીએ નહિ. એકનો પક્ષ લઈ અન્યની વિરુદ્ધ મત આપવો, એવું અમે ન કરી શકીએ. ક્ષ ગમે તેટલી વખત ગોથાં ખાય, અમારે એને હાથ પકડી બેઠો કરવો જ પડે. ફરી એક વખત એને ઉઠાવીને ફરી તે પ્રભુ પ્રતિ પ્રયાણ કરે એમ કરી આપવું પડે. તમારી સાથે પણ હંમેશાં અમે આ જ કર્યું છે. પરંતુ એમના (ક્ષ) વિશેની તમારી કોઈ માગણી અમે સ્વીકારી શકીએ નહિ. એ વસ્તુ તે ક્ષ અને ઈશ્વર વચ્ચેની બાબત છે એવું અમે હંમેશાં માનીને ચાલીએ છીએ. તમારે માટે જે વસ્તુનો આગ્રહ અમે સેવ્યો છે, (તમારી પૂર્ણ સહમતિ સહિત અને તમને મદદ અમે કરીએ એવી તમારી પ્રાર્થનાના પ્રત્યુત્તર રૂપે.) તે એ કે ક્ષ સાથેના તમારા પ્રાણમય સંબંધને તમે પૂરેપૂરા કાપી નાખો અને એ સંબંધના પાયા પર કોઈ પણ વસ્તુને આધારિત રાખવી નહિ...

તમે તમારા વધુ સારા સ્વરૂપમાં ફરી પાછા ફરો, તમારી સત્ય ચેતનામાં પાછા ફરો તથા તમારા પ્રાણમય આવેગની અવસ્થાને દૂર કરી દો એમ મારે તમને જણાવવું જ રહ્યું. તમારો પ્રાણમય આવેગ એ તમારા આત્મા માટે લાંછનસ્પદ વસ્તુ છે. વારંવાર તમે તમારા શ્રી

માતાજીના પ્રેમ વિશે, એમની પાસેથી તમને જે આનંદ પ્રાપ્ત થાય છે અને તમને થયેલી આધ્યાત્મિક અનુભૂતિઓ વિશે અમને લખી જણાવેલું છે. યાદ રાખો, હંમેશાં આ યાદ રહે કે એ જ તમારી સાચી રીત છે, એ જ છે તમારું સાચું સ્વરૂપ. એ સિવાયનું કંઈ પણ જરૂરી નથી. તમારી એ સમતુલાની અવસ્થા પુનઃ પ્રાપ્ત કરી લો, તમારી નિમ્ન પ્રકૃતિનો ત્યાગ કરી દો, એ પ્રકૃતિનો અંધકાર, એનું અજ્ઞાન દૂર કરી દો. (CWSA 28 : 864-65)

*

**માર્ગ પરના સહાયકો**

તમે જણાવો છો કે તમારે માટે અને તમારા જેવા લોકો માટે આ માર્ગ અતિશય મુશ્કેલ છે અને મારા કે શ્રી માતાજી જેવા 'અવતારો' જ આ યોગ કરી શકે. એ એક વિચિત્ર ગેરસમજ છે. કારણ, તમે જણાવો છો એનાથી વિરુદ્ધ આ માર્ગ તે સહેલામાં સહેલો, સરળમાં સરળ અને એકદમ સીધો માર્ગ છે અને કોઈ પણ વ્યક્તિ એનું અનુસરણ કરી શકે છે, અલબત્ત એ વ્યક્તિએ તેનું મન અને તેની પ્રાણશક્તિને શાન્ત કરી દેવાં જોઈએ. એવા લોકો જેમની ક્ષમતા તમારા કરતાં દસમા ભાગની હોય એ લોકો પણ આ યોગ કરી શકે છે...

શ્રી માતાજી અને મારે વિશે કહું તો, અમારે હરેક રીતના રસ્તા અજમાવી જોવા પડ્યા છે, હરેક રીતની પદ્ધતિઓ ચકાસી જોવી પડી છે, મુશ્કેલીઓના ગંજ પર ગંજ ઓળંગવા પડેલા છે. આશ્રમમાં અથવા તો આશ્રમની બહાર તમારે પોતાને યા તો કોઈ પણ વ્યક્તિને જે કાંઈ બોજો ઊઠાવવો પડ્યો હશે તેથી કેટલાયે ગણો વિશેષ બોજ અમારે ઊઠાવવો પડ્યો છે. અમારે તમારા બધાંયે કરતાં કેટલીયે વધુ વિકટ પરિસ્થિતિઓનો સામનો કરવો પડ્યો છે, લડાઈઓ લડવી પડી છે, ઘા ઝીલવા પડ્યા છે, અભેદ્ય એવાં કળણો ભેદીને, રણો અને જંગલોમાં થઈને રસ્તા કાપી તૈયાર કરવા પડ્યા છે, વિરોધી બળોનાં દળોને જીતવાં પડેલાં છે. મને ખાતરી છે કે આવું કામ અમારા પહેલાં કોઈને પણ માથે આવેલું નથી. અમે ઉપાડયું છે તેવા કામમાં જોડાયેલા નેતાએ માત્ર પ્રભુને નીચે જ લઈ આવવાનું કામ કરવાનું હોતું નથી, તેમ જ તેને માટે પ્રભુના પ્રતિનિધિ તરીકેનું તથા પ્રભુને પોતામાં સાકાર કરવાનું જ એક કામ માત્ર હોતું નથી. આ ઉપરાંત આ નેતાએ માનવજાતિમાં રહેલા ઊર્ધ્વગામી તત્ત્વના પણ પ્રતિનિધિ બનવાનું રહે છે, માનવતાનો બોજ પૂરેપૂરો ઉઠાવવાનો રહે છે અને માર્ગમાં જે જે અવરોધો, મુશ્કેલીઓ અને વિરોધો ઊભા થતા રહે તે સર્વનો, કોઈ રમત યા લીલાની રીતે નહિ પણ પૂરી ગંભીર રીતે સામનો કરવાનો રહે છે. આ નેતાએ પોતાના કાર્યમાં મૂંઝવણો ઊભી થતી રહે, રુકાવટો આવે, પોતાની મહેનતને ધીરે ધીરે જ સફળતા વરે એ બધી પરિસ્થિતિ અનુભવવાની રહે છે. પરંતુ આ બધી વસ્તુઓ બીજાઓએ પણ પાછી ફરીથી પૂરેપૂરી અનુભવવી પડે એ વાત ચલાવી લેવાય તેવી નથી તેમ જ જરૂરી પણ નથી. અમને આ વિષયનો સંપૂર્ણ અનુભવ પ્રાપ્ત થયેલો છે અને એટલા માટે જ અમે બીજાઓને એક વધુ સીધો અને વધુ સરળ માર્ગ બતાવી શકીએ છીએ – હા, લોકો એને લેવા માટે સંમત બનશે તો જ તો. આ અનુભવ મેળવવા માટે અમે

એક ગંજાવર કિંમત આપી છે અને એટલે જ એના આધારે અમે તમને તેમ જ બીજાઓને ભારપૂર્વક કહી શકીએ છીએ કે, ''તમે અંતરાત્માનું ચૈત્ય વલણ ધારણ કરો, આ સીધો સૂર્ય-પ્રકાશિત-પથ લો, અને એ પથ ઉપર પ્રભુ તમને પ્રગટ યા તો ગુપ્ત રીતે ટેકો આપતા રહેશે, - એ જો ગુપ્ત રીતે ટેકો આપતા હશે તો વખત આવ્યે તે તમારી આગળ પ્રગટ પણ બનશે. પણ પેલી અટકાયતોથી ભરેલી, કઠોર, ગોળગોળ અને મુશ્કેલીઓવાળી યાત્રાનો માર્ગ લેવાનો આગ્રહ ન રાખશો.'' (CWSA 32 : 94-95)

*

મેં જાતે સૂર્ય પ્રકાશિત માર્ગનું અનુસરણ કર્યું છે, અથવા મુશ્કેલી, દુઃખ અને ભયથી હું ડગી ગયો હોય એને લીધે હું સૂર્ય પ્રકાશિત માર્ગના અનુસરણની ભલામણ કરું છું એવું નથી. આ બધી વસ્તુઓ (દુઃખ, મુશ્કેલી, ભય) નો મને પૂરો અનુભવ થયો છે, થતો રહ્યો છે. અને શ્રી માતાજીને તો આ બધી વસ્તુઓનો દસ ગણો વધારે અનુભવ થયો છે. પણ એનું કારણ એટલું જ કે માર્ગને શોધનારાઓએ આ વસ્તુઓનો સામનો કરવાનો જ હોય છે જેથી કરીને તેઓ વિજય પ્રાપ્ત કરી શકે. માર્ગ પર અમે જે મુશ્કેલીનો સામનો ન કર્યો હોય એવી કોઈ મુશ્કેલી સાધક ઉપર આવી શકે નહિ. **અનેક મુશ્કેલીઓ સામે અમારે હજારો વખત સંઘર્ષ કરવા પડયા છે.** (ખરેખર તો આ અલ્પોક્તિ છે) **અને ત્યાર પછી જ અમે એ મુશ્કેલીઓને દૂર કરી શકયાં છીએ. એમાંની ઘણી હજુ પોતાનો વિરોધ નોંધાવી રહી છે કે જ્યાં સુધી પૂર્ણ પૂર્ણતા સિદ્ધ ન થાય ત્યાં સુધી ટકી રહેવાનો એમને અધિકાર છે. પરંતુ બીજાઓ માટે એ મુશ્કેલીઓ તે અનિવાર્ય જરૂરિયાત બની રહે એનો સ્વીકાર કરવા માટે અમે કદાપિ અમારી સહમતિ દર્શાવી નથી.** ખરેખર તો, હવે પછી બીજા લોકો માટે સહેલો માર્ગ સુનિશ્ચિત કરી આપવા અમે આ ભાર વહી રહ્યાં છીએ. આ હેતુસર જ શ્રી માતાજીએ એક વખત ઈશ્વરને પ્રાર્થના કરી હતી કે માર્ગ માટે જે કંઈ મુશ્કેલીઓ, જોખમો, વેદનાઓ જરૂરી હોય તે અન્ય ઉપર લાદવાને બદલે તેમની ઉપર જ લાદવામાં આવે. એમ સાંભળવામાં આવ્યું છે કે... જે લોકોએ પોતાનો પૂરેપૂરો સત્યનિષ્ઠ વિશ્વાસ શ્રી માતાજીમાં મૂકયો છે તેઓ સૂર્ય પ્રકાશિત માર્ગનું અનુસરણ કરવા શક્તિમાન બન્યા છે... સૂર્ય પ્રકાશિત માર્ગ એ એકદમ કાલ્પનિક કથા નથી જ. (CWSA 32 : 96)

*

અમને છોડીને જવાનાં જે કારણો તમે દર્શાવો છો તે બિલકુલ સારાં કારણો નથી. પ્રભુની સમૃદ્ધિ અને મહત્તા તમે જો જોવા માગતા હો અને તમે રાહ જુઓ તો એ તમે અમારી સાથે રહીને વધુ સારી રીતે જોઈ શકશો. બહાર રહીને તમે કયારેય એ જોઈ શકો એના કરતાં વધુ સારી રીતે અહીં એ તમને જોવા મળશે. અને તમે જો હિમાલય જોવા માગતા હો તો અહીં તમારાં માતાજીની સાથે રહીને હવે પછી તમે વધુ સારી રીતે એને જોઈ શકશો...

તમે મને તથા માતાજીને તસ્દી કે તકલીફ આપવા નથી માગતા એમ જણાવો છો પણ

તમને એ સમજાતું નથી કે તમારા જતા રહેવાથી અમને જે તકલીફ પડશે એનાથી વધુ તકલીફ બીજી  કઈ હોઈ શકે ? તમારી ઉપર ચઢી આવતી બંડની આ ધૂન એ એવાં વાદળો છે, જે પસાર થઈ જશે. પરંતુ આ રીતે તમે અમને છોડીને જતા રહો એમ અમારે જોતાં રહેવું, અમારા પ્રેમનો અસ્વીકાર થતો જોવો તથા અમારી સમીપનું તમારું સ્થાન ખાલી જોવું એ અમારે માટે સાચે જ તકલીફરૂપ બની રહેશે અને અમે એનાથી ગહન રીતે અસર પામીશું.

તમારી એકમાત્ર ઇચ્છા અહીંથી જતા રહેવાની નથી એ તમે જાણો છો. તમે જ્યારે આ પ્રકારની ખિન્ન મનોદશામાં હો છો ત્યારે જ તમે આમ જણાવતા હો છો. અને તમે એ પણ જાણો છો કે આ પ્રકારની મનોદશાઓ પસાર થઈ જતી હોય છે. તમે જો માતાજીને આ ખિન્નતાને દૂર કરવા દો તો એ તુર્ત જ દૂર થઈ જશે. મુશ્કેલી એ છે કે આ મનોદશા જ્યારે ઊભી થાય છે ત્યારે તમે એને વધુ પડતું મહત્ત્વ આપી દો છો અને પછી એમ વિચારવા લાગો છો કે અહીંથી જતા રહેવા સિવાય અન્ય કંઈ વિકલ્પ જ રહેતો નથી. આ કંઈ નિરાકરણ નથી એની ખાતરી હું તમને આપું છું અને તમે અમારી સાથે જ રહો એવું અમે પસંદ કરીએ છીએ, તમારાથી અલગ થવાનું અમે પસંદ કરતાં નથી. (CWSA 32 : 102-103)

*

તમારે તમારા અંતરાત્માને જાણવો જોઈએ. ઘણી વાર ભૂલથી ધારી લેવામાં આવે છે કે આ અંતરાત્મા એટલે આપણા બહિર્મુખ મનની સપાટીની પાછળ રહેલું અંતરતર મન છે, અથવા તો તે પ્રાણની બહિર્મુખતાની પાછળ રહેલ અંતરતર પ્રાણ છે, અથવા તો અન્નમય ચેતનાની પાછળ રહેલ સૂક્ષ્મ અન્નમય સત્ છે. એ વસ્તુઓ તમારો અંતરાત્મા નથી. અંતરાત્મા એટલે તમારું સાચું વ્યક્તિત્વ, પરમાત્મા સાથે તે સીધેસીધા સંપર્કમાં હોય છે. પ્રત્યેક માણસે તેનામાં રહેલા આ અંતરાત્માનો સાક્ષાત્કાર કરવાનો છે, એ અંતરાત્માનું સાચું, અને દિવ્ય સ્વરૂપ અતિમનસમાં અથવા તો વિજ્ઞાનમાં હોય છે. **પ્રત્યેક માનવનો અંતરાત્મા મૂળમાં પ્રભુ સાથે એક હોય છે, પરંતુ પોતાની પ્રકૃતિમાં પ્રત્યેક વ્યક્તિ પરમ પુરુષનો આંશિક આવિર્ભાવ હોય છે.**

આપણા યોગનો આ ઉદ્દેશ હોવાથી સાધનાની ઊંચામાં ઊંચી અનુભૂતિને પ્રાપ્ત કર્યા પછી આપણે જીવન પ્રત્યે પાછા વળવાનું છે અને તેનું રૂપાંતર કરવાનું છે.

(શ્રી અરવિન્દનું સંબોધન (૧૫ ઑગસ્ટ, ૧૯૨૪)



*realisation*

હું હંમેશાં ઊર્ધ્વમાં દૃષ્ટિ સ્થિર કરું છું. સૌન્દર્ય, શાન્તિ, પ્રકાશ ત્યાં ઊર્ધ્વમાં છે. એ સર્વ નીચે ઊતરી આવવા તત્પર છે. અને એ સર્વનો પૃથ્વી ઉપર આવિર્ભાવ થાય એટલા માટે હંમેશાં અભીપ્સા સેવતા રહો અને ઊર્ધ્વમાં દૃષ્ટિ સ્થિર રાખો.

વિશ્વની કુરૂપ વસ્તુઓ પ્રતિ નીચી દૃષ્ટિ કરશો નહિ. તમે જ્યારે ગમગીનીનો અનુભવ કરો ત્યારે હંમેશાં મારી સાથે સાથે ઊર્ધ્વમાં દૃષ્ટિ સ્થિર કરો.

(CWM : 13 : 69) **શ્રી માતાજી**

In a haven of safety and splendid soft repose
One could drink life back in streams of honey-fire,
Recover the lost habit of happiness,
Feel her bright nature's glorious ambience,
And preen joy in her warmth and colour's rule.
A deep of compassion, a hushed sanctuary,
Her inward help unbarred a gate in heaven;
Love in her was wider than the universe,
THe whole world could take refuge in her single heart.

Savitri, p. 15 Sri Aurobindo

*

[સાવિત્રી સમીપ શાન્ત અને સુરક્ષિત સ્થાનમાં મૃદુ, આરામદાયી તેમ જ પ્રકાશપૂર્ણ આશ્રયનો અનુભવ આત્મા કરી શકે છે. સાવિત્રી પાસે પહોંચી પુનઃ પ્રાણ-શક્તિ તથા શુદ્ધ આનંદ અને શક્તિ તે પ્રાપ્ત કરી શકે છે. સાવિત્રીના સ્વભાવની પ્રસન્નતા અને ઉજ્જ્વલતાસભર વાતાવરણનો અનુભવ કરી શકે છે. સાવિત્રીના સામીપ્યની ઉષ્મા તથા જીવનરંગથી સભર એના વાતાવરણમાં આત્મા હર્ષસભર બની શકે છે. શાન્ત પવિત્ર સ્થાન, અગાધ કરુણાસભર આશરો એવી એની અંતરની હૂંફ સ્વર્ગનું દ્વાર ખોલી આપે છે. સાવિત્રીના હૃદયમાં રહેલો પ્રેમ વિશ્વથીયે વિશાળ હતો. એની એકલીના હૃદયમાં સમગ્ર બ્રહ્માંડ આશરો મેળવી શકે છે.]



A Calm that cardles Fate upon its knees;
A wide Compassion leans to embrace earth's pain;
A Witness dwells within our secrecies,
The incarnate Godhead in the body of man.

CWSA 2: 607 Sri Aurobindo

રહી અચલ શાંતિ એક વિધિને ય જે ગોદ લે,
વિશાળ કરુણા ઝુંકતી ધરતી-વ્યથા ભેટવા,
વસંત અમ ગુહ્ય ચૈત્ય મહિં સાક્ષી કો પુરુષ,
મનુષ્ય-તનમાં ગ્રહેલ અવતાર ઈશ સ્વયં

(દક્ષિણા ૨ઃ ૩૫૭) અનુ. સુન્દરમ

# કૃપાની ભેટો

## શ્રી અરવિન્દનાં લખાણો

**શ્રી** અરવિન્દે પોતાના જ્ઞાનનો એક અંશ જ આપણને આપ્યો છે અને એને પણ કોઈ પણ વ્યક્તિ સમજી શકે એમ નથી. આ છે તફાવત, અહીં (આશ્રમમાં) હોવાનો. આ પાર્થિવ અસ્તિત્વ, જે એક રહસ્ય છે તેના આનંદનાં દ્વાર તેમણે ખોલી આપ્યાં છે. સત્યને એની શુદ્ધતામાં, એની સમગ્રતામાં તેમણે પ્રકટ કરી દીધું છે. તેમણે આપણે માટે ઉદાત્ત આનંદ અને શુદ્ધિકરણ કરતી જ્યોતિનો સંચય કર્યો છે, જેનાથી વાતાવરણ પૂરેપૂરું તરબોળ થઈ ગયું છે. તમે એ વાતાવરણને શ્વસી રહ્યાં છો, તમે એને આત્મસાત્ કરી રહ્યાં છો, આ વિશિષ્ટ વિશેષાધિકાર, જે અન્ય કોઈ જગ્યાએ પ્રાપ્ત નથી, એને તમે અજાણપણે શોષી રહ્યાં છો, આ વાતાવરણને તમારી અંદર ઉતારી રહ્યાં છો આ વાતાવરણ તે તમારા અસ્તિત્વનો ભાગ બની રહ્યું છે...

આ અખંડ, એવો સૂક્ષ્મ વિવેક એકરૂપે સમાવી રહ્યું છે, એવી કુશળતા એ દર્શાવી રહ્યું છે, જે આપણી અભિવ્યક્તિના સૌન્દર્યને અતિક્રમી જાય છે અને માળખાને ચોક્કસ સ્વરૂપનું પ્રદાન કરે છે, એક એવા સ્વરૂપનું પ્રદાન, જે સ્વરૂપ સૂક્ષ્મતાસભર છે, સમૃદ્ધિસભર છે. અદ્‌ભુત રીતે કંડારાયેલ કોઈ કળા કૃતિનું દર્શન જાણે એ સ્વરૂપ રજુ કરતું ન હોય ! .... અભિવ્યક્તિની કળામાં એ પૂર્ણતાનું સૂચન કરે છે. શ્રી અરવિન્દે જે કંઈ લખાણ કર્યું છે તેમાં તેઓએ આ વસ્તુઓ પ્રકટ કરી છે અને આ જ સર્વ કંઈ નથી, આટલું જ નહિ, હજુ એમાં એવાં રહસ્યો રહેલાં છે, જે છુપાયેલાં છે. એમાં અજ્ઞાત એવી વસ્તુઓ પણ રહેલી છે, જે એવા લોકો સમક્ષ જ પ્રકટ થશે, જેમને અંતસ્ફુરણા પ્રાપ્ત હોય છે. શબ્દ એ શક્તિ છે, સામર્થ્ય છે – એ સર્જન કરે છે. જેવું શબ્દનું ઉચ્ચારણ થાય કે તુર્ત એ એક આંદોલન સર્જે છે, જે આંદોલન રૂપ ધારણ કરે છે. અને એ રૂપ પછી ટકી રહે છે, માત્ર એવા લોકો માટે એ રૂપ ટકી રહેતું હોય છે, જે લોકોએ શ્રી અરવિન્દના શિક્ષણના વ્યવહારૂ અર્થને પોતાના જીવનમાં આત્મસાત્ કરવાનો નિર્ધાર કરેલો હોય છે. એ નિર્ધાર થઈ શકે અતિમાનસ જીવન માટે જરૂરી એવું રૂપાંતર સિદ્ધ કરવા માટેની સાધના તેમ જ પ્રયત્ન કરવાથી. (Blessings of the Grace, pp. 115-16)

*

## શ્રી અરવિન્દનાં લખાણોનું વાંચન

ગમે તેમ હોય, પણ મારી સલાહ એવી છે કે જે વાંચો તે થોડું થોડું કરીને વાંચો. તમારા મનને બને તેટલું શાંત રાખો, સમજવા માટેની મથામણ ન કરો, પણ મસ્તકને બને તેટલું નીરવ રાખીને પોતે જે વાંચતા હો **તેમાં રહેલી શક્તિ પોતાની અંદર ઊંડાણમાં ઊતરે** તેમ થવા દો. એ શક્તિ તદ્દન અક્ષુબ્ધ અવસ્થામાં જ ઝીલી શકાય છે. જો તમારામાં નીરવતા હશે તો એ એનું પ્રકાશનું કાર્ય કરશે અને જરૂર હશે તો સમજણ માટે તમારા મગજમાં જરૂરી

કોષોની રચના પણ કરશે. આમ, જ્યારે તમે એની એ જ વસ્તુ થોડાક માસ પછી વાંચશો તો તમને જણાશે કે એ લખાણમાં વ્યક્ત કરવામાં આવેલો વિચાર વધુ સ્પષ્ટ અને નજીકનો બનેલો છે અને કેટલીક વાર તો તમને એ તદ્દન સ્વાભાવિક પ્રકારનો અને જાણીતો લાગશે.

રોજ નિયમિતપણે, શક્ય હોય તો અમુક નિશ્ચિત સમયે થોડું થોડું વાંચવું. એમ કરવાથી મગજમાં જ્ઞાન ઝીલવાની શક્તિ ઉત્પન્ન થવાનું કાર્ય સરળ બને છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ-૧૨ : પૃ. ૨૩૪-૨૩૫)

*

## સાવિત્રી

શ્રી અરવિન્દ એમાં સત્ય શોધવાની, ચેતનાને ખુલ્લી કરવાની ચાવી આપે છે, જેને લઈને ત્યાં પ્રકાશ પ્રવેશે અને તેનું રૂપાંતર કરી શકે. તેમણે માર્ગ ચીંધ્યો છે, મનુષ્ય કેવી રીતે અજ્ઞાનમાંથી પોતાને મુક્ત કરી શકે અને અતિમનસ ચેતના લગી બરાબર આરોહણ કરી શકે, કેવી રીતે પ્રત્યેક ભૂમિકા પર પહોંચી શકાય, ચેતનાના પ્રત્યેક સ્તર પર કેવી રીતે જઈ શકાય, કેવી રીતે મૃત્યુની બાધાને ઓળંગી જવાય, અમરતાને પહોંચી શકાય – એ બધું એમાં જણાવ્યું છે. આ બધા પ્રવાસની તમને વિગતો મળે, અને જેમ જેમ આગળ વધો તેમ તેમ મનુષ્યને સર્વ રીતે અજ્ઞાત એવી વસ્તુઓ કેમ ખુલ્લી થઈ શકે, એ તમને એમાં મળી આવશે. 'સાવિત્રી' આ છે. એથીયે ઘણું બધું. 'સાવિત્રી'નું વાચન એક વાસ્તવિક અનુભૂતિ છે. મનુષ્યની પાસે જે જે રહસ્યો હતાં તે તેમણે દર્શાવ્યાં છે. તદુપરાંત, તેનાં ભાવિમાં શું શું થનાર છે તે જણાવ્યું છે. આ બધું 'સાવિત્રી'ના ઊંડાણમાં જણાઈ આવે છે. પરંતુ માણસ પાસે આ બધું શોધવાનું જ્ઞાન હોવું જોઈએ. ચેતનાના સ્તરોની અનુભૂતિ હોવી જોઈએ, અતિમનસની અનુભૂતિ હોવી જોઈએ અને મૃત્યુ પરના વિજયની અનુભૂતિ હોવી જોઈએ. શ્રી અરવિન્દે બધી ભૂમિકાઓ નોંધી હતી, તેમના પૂર્ણયોગમાં પૂર્ણપણે આગળ વધવા માટે દરેક પગથિયું ચિહ્નિત કર્યું હતું.

આ બધી તેમની પોતાની અનુભૂતિ છે. અને સૌથી આશ્ચર્યકારક તો એ છે કે તે મારી પણ અનુભૂતિ છે. એમણે મારી સાધના સુગ્રથિત કરી છે. પ્રત્યેક પદાર્થ, પ્રત્યેક ઉપલબ્ધિ, બધાં વર્ણનો, અરે, એના રંગો સુદ્ધાં મેં જે જોયા, બરાબર તે જ છે; શબ્દો, પદો મેં જે સાંભળ્યાં તે જ છે. અને આ બધી મેં એ પુસ્તક વાંચ્યું તે પહેલાંની વાત છે. પાછળથી મેં 'સાવિત્રી' ઘણી વાર વાંચ્યું; પણ તે પહેલાં જ્યારે તેઓ લખતા હતા ત્યારે મને વાંચી સંભળાવતા દરેક સવારે 'સાવિત્રી'નું તેમનું વાચન સાંભળતી. રાતે પોતે લખતા, સવારે વાંચી સંભળાવતા. અને મેં જોયું કે એમાં કંઈક વિલક્ષણતા હતી. દિવસે દિવસે સવારે જે અનુભૂતિઓ સંભળાવતા તે સઘળી મેં પહેલાંની રાતે અનુભવેલી હોય, શબ્દેશબ્દ. હા, બધાં જ વર્ણનો, રંગો, ચિત્રો મેં જે જોયેલાં તે જ, શબ્દો મેં સાંભળેલા તે જ બધું. મેં જે સાંભળેલું તે જ એમણે કાવ્યમાં ઉતારેલું, ચમત્કારપૂર્ણ કાવ્યમાં ! હા, પહેલાંની રાતે મને જે અનુભૂતિઓ થયેલી તે જ એ હતી, બીજી સવારે જે સંભળાવતા તે એ જ હતી. અને આ કંઈ એકાદ દિવસની વાત નથી, દિવસોના

દિવસો ચાલ્યા કર્યું. મને જે અનુભૂતિઓ થયેલી તેની સાથે તેમને સરખાવતી. તે હમેશાં એક જ હતી. સાચેસાચ, મેં કાંઈ એમને મારી અનુભૂતિઓ કહી બતાવેલી નહોતી; પાછળથી એમણે એ બધી નોંધી રાખેલી હોય એમ પણ નહોતું. ના, ના; મેં જે જોયેલું તે તેઓ પહેલેથી જ જાણતા હતા. લંબાણપૂર્વક દર્શાવેલી એ બધી મારી અનુભૂતિઓ હતી; અને એમની પણ એ જ અનુભૂતિઓ હતી. તદ્ઉપરાંત, અજ્ઞાતના અમારા સંયુક્ત સાહસની એ ગાથા હતી, અથ વા કહો કે અતિમનસની.

શ્રી અરવિન્દે જીવનમાં ઉતારેલી આ અનુભૂતિઓ છે; એ બધી વાસ્તવિક્તાઓ છે, વિશ્વાતીત સત્યો છે. જેમ કોઈ વ્યક્તિ શારીરિક રીતે આનંદ કે શોકનો અનુભવ કરે છે, તેમ તેમણે આ બધી અનુભવેલી હકીકતો છે. તેઓ અવચેતનાના અંધકારમાં ચાલેલા, મૃત્યુની નિકટ જઈ પહોંચેલા, નરકની યાતનાઓ તેમણે સહેલી. અને કાદવમાંથી, પાર્થિવ દુઃખમાંથી બહાર નીકળીને તેમણે સર્વોપરી વિપુલતાનો શ્વાસ લીધો, પરાત્પર આનંદમાં પ્રવેશ્યા. આ બધા ખંડો તેઓ ખૂંદી વળ્યા, તેનાં પરિણામોમાંથી પસાર થયા અને કોઈ કલ્પી ન શકે એવું ભૌતિક રીતે સહ્યું અને ટકી રહ્યા. આજ લગી કોઈએ તેમના જેવું સહ્યું નથી. તેમણે આ યાતનાઓ સ્વીકારી અને પરાત્પરના મિલનના આનંદમાં તેને રૂપાંતરિત કરી. દુનિયાના ઈતિહાસમાં આ એક અનુપમ અને અજોડ ઘટના હતી. કદાપિ નહિ બનેલી એ વાત હતી. અજ્ઞાતનો માર્ગ ચીંધનાર તેઓ સર્વપ્રથમ છે. અને આને લઈને આપણે અતિમનસ તરફ નિશ્ચિતપણે પગલું માંડી શકીએ. તેમણે આપણું કામ સરળ કરી આપ્યું છે. **'સાવિત્રી'** તેમનો **રૂપાંતરનો સમગ્રભાવી યોગ છે અને આ યોગ પાર્થિવ ચેતનામાં પહેલી વાર સ્થપાયો છે.**

**અનુ. શ્રી જયંતીલાલ આચાર્ય** **શ્રી માતાજી**

**(મોના સરકાર સાથેના વાર્તાલાપમાંથી)**

*

**આશ્રમ :**

પરંતુ આ પ્રકારનો સ્પષ્ટ અનુભવ થવા માટે... દાખલા તરીકે, જેમ હું જાપાનથી આવી હતી ત્યારે બન્યુ હતું તેમ. હું સમુદ્રમાં બોટ ઉપર હતી, કોઈ વસ્તુની હું ધારણા રાખતી ન હતી. (અલબત્ત હું એક આંતરજીવનમાં મગ્ન હતી, પણ શારીરિક રીતે તો હું બોટ ઉપર જ રહેતી હતી) અને પછી એકદમ, એક ધક્કો લાગે તેવી રીતે, પોંડિચેરીથી લગભગ બે દરિયાઈ માઈલ દૂરથી, વાતાવરણનો પ્રકાર, હું એમ પણ કહી શકું કે વાતાવરણના અને હવાના ગુણધર્મ પણ એટલા બધા બદલાઈ ગયેલા અનુભવાવા લાગ્યા કે મને ખબર પડી ગઈ કે શ્રી અરવિન્દના પ્રભા મંડળમાં હું પ્રવેશ કરી રહી છું. એ એક સ્પર્શક્ષમ અનુભૂતિ હતી અને હું ગેરંટી આપી શકું છું કે જે કોઈનામાં પૂરતા પ્રમાણમાં જાગ્રત ચેતના હશે તેને આ જ રીતનો અનુભવ થશે.

જ્યારે હું ઘણાં વર્ષો અહીં રહ્યા બાદ પહેલી જ વખત બહાર ગઈ ત્યારે આથી ઊલટો અનુભવ પણ મને થયેલો. હું જ્યારે લેઈકથી જરા આગળ ગઈ ત્યારે મને અચાનક લાગ્યું કે વાતાવરણ બદલાઈ ગયું છે – જે સભરતા, બલ, પ્રકાશ અને શક્તિ હતાં તે બધાં ઓછાં થતાં ગયાં, ઓછાં થતાં ગયાં, અને પછી... કંઈ પણ ન રહ્યું. હું કોઈ મનોમય કે પ્રાણમય ચેતનામાં ન હતી, હું તદ્દન ભૌતિક ચેતનામાં હતી. તો, જે લોકો તેમની ભૌતિક ચેતનામાં સંવેદનશીલ છે તેમને આ રીતનો અનુભવ તદ્દન સ્થૂલ રીતે થવો જોઈએ. અને હું તમને ખાતરીથી કહું છું કે જે વિસ્તારને આપણે 'આશ્રમ' કહીએ છીએ તેમાં જે જાતની સઘન શક્તિ છે તેવી ગામમાં નથી અને આસપાસના ગ્રામ્યવિસ્તારમાં તો એથી પણ ઓછી છે. (શ્રી માતૃવાણી ગ્રંથ-૪ : પૃ. ૨૫૦-૨૫૧)

*

**સત્યનું જગત છેવટે તૈયાર થઈ ગયું છે : માણસ તૈયાર નથી.**

હું અન્ય વિશ્વમાં પહોંચી ગઈ હતી; પરંતુ બહુ દૂર નહિ. (હું પૂરેપૂરી સમાધિ અવસ્થામાં ન હતી) એ જગત આપણા આ ભૌતિક જગત જેટલું જ વાસ્તવિક જગત હતું. ત્યાં ઓરડાઓ હતા. શ્રી અરવિન્દનો કક્ષ જેમાં તેઓ જેના પર આરામ કરે છે તે પલંગ હતો – તેઓ ત્યાં નિવાસ કરી રહ્યા હતા. બધો સમય તેઓ ત્યાં જ હતા. મારો કક્ષ પણ ત્યાં હતો, અહીં મારી પાસે આ મોટો અરીસો છે તેવો અરીસો ત્યાં પણ હતો. કાંસકાઓ, હરેક પ્રકારની વસ્તુઓ ત્યાં હતી. આ બધા પદાર્થોનું દ્રવ્ય ભૌતિક વિશ્વમાંના પદાર્થોના દ્રવ્ય જેટલું જ ઘટ્ટ હતું, પરંતુ એ જગતના પદાર્થો પોતાના જ પ્રકાશથી પ્રકાશી રહ્યા હતા. એ દ્રવ્ય અર્ધપારદર્શક નહિ, પૂરેપૂરું પારદર્શક પણ નહિ, એ હતું સ્વ-પ્રકાશમાન....

અને શ્રી અરવિન્દ ત્યાં હતા, ભવ્યતા સહિત, અદ્‌ભુત સૌન્દર્ય. અગાઉની માફક એમના બધા જ સુંદર કેશ પણ હતા. એ સર્વ એટલું તો સઘન, એટલું તો સાચું હતું....

સત્યના આ જગતનું સર્જન શૂન્યમાંથી કરવામાં આવ્યું હતું એમ ન હતું. એ પૂરેપૂરું તૈયાર છે, એ ત્યાં છે, આપણ હાલના આ જગતના પડ સમાન. બધું જ ત્યાં છે, ત્યાં બધું જ છે.

હું એ અવસ્થામાં પૂરા બે દિવસ રહી હતી, સંપૂર્ણ પરમાનંદસભર બે દિવસ. અને શ્રી અરવિન્દ પૂરો સમય મારી સાથે હતા – હું જ્યારે ચાલતી હતી ત્યારે તેઓ મારી સાથે ચાલતા હતા. હું જ્યારે નીચે બેસી જતી ત્યારે તેઓ મારી પાસે બેસી જતા હતા. ૧૫મી ઑગસ્ટના દિવસે પણ દર્શન દરમિયાન તેઓ સતત હાજર રહ્યા હતા. પરંતુ એના વિશે કોણ સભાન હતું ? થોડા – એક કે બે – લોકોને કંઈક અણસાર આવ્યો

હતો. પરંતુ કોણે એમને જોયા ? – કોઈએ પણ નહિ. અને મેં શ્રી અરવિન્દને આ બધા લોકો બતાવ્યા હતા, કાર્યનું આ સમગ્ર ક્ષેત્ર મેં એમને બતાવ્યું અને પૂછયું કે : આ અન્ય વિશ્વ, વાસ્તવિક વિશ્વ જે ત્યાં છે, એકદમ નજીક છે, તે આપણા આ જૂઠાણાના વિશ્વનું સ્થાન લેવા ક્યારે આવશે ? 'એ તૈયાર નથી'. એમનો જવાબ હતો. 'એ તૈયાર નથી'.

અને છતાં, થોડાક પ્રયત્ન માત્રથી આ જગતમાંથી અન્ય જગતમાં પહોંચી શકાશે, અથવા તો અન્ય વિશ્વને વાસ્તવિક વિશ્વ બનવામાં ખૂબ જ થોડા પ્રયત્નો જરૂરી રહેશે. કોઈ ક્લીક, કે પછી આંતર વલણમાં થોડો ઉલટફેર... હું કેવી રીતે સમજાવું ? સામાન્ય ચેતના માટે આ અગમ્ય છે આંતર વલણમાં ખૂબ નાનું પરિવર્તન એને માટે પૂરતું છે....

(The Mother : Conversations with a disciple : October 6, 1959)

*

## શ્રી અરવિન્દનું નિવાસસ્થાન : સૂક્ષ્મ શારીરિક

ત્યાં, આંતર અસ્તિત્વની ગહન ગુફામહીં, આંતરિક આધાર માટે ડૂબકી મારવી પડે છે, વ્યક્તિએ નીચે અને નીચે, વધારે ને વધારે, એક ભૂમિકાએથી બીજી ભૂમિકાએ, એક ચેતનાથી બીજી ચેતના પાર કરતાં કરતાં સર્વ સંસ્કારોને પાછળ છોડીને ખૂબ જ ઊંડાણોમહીં પવિત્ર ''શાંતિ''ને શોધવા માટે પ્રવેશ કરવાનો છે. અસ્તિત્વની આ ગહન શાંતિમાં, બાહ્ય કોલાહલથી દૂર, દુઃખ અને પીડાથી દૂર, વિચારો અને કલ્પનાઓથી દૂર દૂર, લાગણીઓના તરંગોથી અતિ દૂર, વ્યક્તિએ ખૂબ જ સાવધાનીપૂર્વક પ્રવેશ કરવો જોઈએ. ''પ્રભુની સંનિધિ''ને અનુભવવા માટે જ્યાં અહંનું કોઈ અસ્તિત્વ ન હોય ત્યાંથી પણ આગળ વધવાનું છે, ઘણું વધારે શોધવાનું છે. ચેતનાને અંદર તરફ, જ્યાં ''શક્તિ''સ્પંદિત થાય છે, સર્વશક્તિમાન, જે સર્વ કાંઈ સિદ્ધ કરે છે. વ્યક્તિએ તેનાથી પણ વધારે ઊંડાણમાં જવાનું છે જ્યાં કોઈ ક્રિયા કલાપ ન હોય, ન હોય કોઈ અંકિત થયેલી યાદ (છાપ), ન કોઈ અહં, ન કોઈ ભેદ, બસ હોય માત્ર આનંદનાં મોજાંઓ અને એક સ્પંદન જે સર્વકાંઈના મૂળમાં છે, આ રીતે, સમભાવ (અભિનય) અને એક પરિપૂર્ણ સમતા. આ પરિપૂર્ણ અને અચલ શાંતિની અનુભૂતિ કરી તેની સાથે એક બની પવિત્ર પરમ સુખમાં પ્રવેશ કરવાનો છે જ્યાં ચેતના આપણી કેન્દ્રિય સત્તા સાથે પરિપૂર્ણ રીતે એક બની ગયેલી હોય છે. ત્યાં, ત્યાં કોઈ દ્વૈતભાવ નથી, કોઈ અસ્તિત્વ નથી, કાંઈ નહિ– બસ ત્યાં એક બની જવાનું છે ''અમર જ્યોતિ''ના સ્ફુલ્લિંગ સાથે, ''અંતર્યામી પ્રભુ'' સાથે, અદ્વિતીય અને ''એક'', આપણામાં નિવાસ કરતા ''આત્મા'' સાથે. (પરમ પુસ્તક : પૃ. ૮૧)

**શ્રી માતાજી**

*

# સંસ્મરણો અને ચિંતનો

### ઉચ્ચોચ્ચ ભૂમિકાઓ એટલી બધી ઉપકારક હોતી નથી

ઉચ્ચોચ્ચ ભૂમિકાઓ કંઈ એટલી બધી ઉપકારક હોતી નથી. એ જો ઉપકારક હોત તો પછી શારીરિક ચેતનામાં અતિમનસને ઉતારી લાવવાનું અને સુગઠિત કરવાનું આટલું બધું મુશ્કેલ શા માટે હોત ? તમે બધાં કેવાં તો સુખી–નસીબદાર, મનગમતાં જાળાંઓ રચનાર અને મૂર્ખ લોકો છો. તમે શાન્તિ, ચેતના, અધિમનસ, અતિમાનસ વિશે એવી રીતે વાતો કરો છો કે એ બધાં વીજળીનાં બટનો જાણે ન હોય અને તમારે એ બટનો જ માત્ર દબાવવાનાં રહે ! એક દિવસ એવું થશે પણ, પરંતુ એ પહેલાં વિજળીની બધી શક્ય રીતો, એની કામગીરી વિશે સર્વ કંઈ મારે શોધી કાઢવું પડે. એના સર્વે નિયમો, બધી શક્યતાઓ, એનાં જોખમો વિશે બધું જાણી લેવું પડે. વીજળીના દોરડાંઓ, એની પદ્ધતિ, વીજળીનાં જોડાણોના માર્ગો તૈયાર કરવા પડે, અને સમગ્ર પદ્ધતિ સરળ, ભૂલ વગરની બનાવી લેવી પડે. અને આ બધું એક જ જીવનગાળા દરમિયાન કરી લેવું પડે. અને તે પણ મારા ધન્ય શિષ્યો એમના ભભકદાર, ખિન્ન અને શ્રેષ્ઠ તર્કનો મારો સંપૂર્ણ બિનજવાબદારીપૂર્વક મારા ઉપર ચલાવતા રહેતા હોય ત્યારે મારે એ કાર્ય કરવાનું રહે....

*

### જાતિનિષ્ઠ મનમાં સર્વસંમતિ

**નીરોદબરન :** આજે હું આપને લખી રહ્યો છું તે બદલ મને માફ કરશો. બધા દિવસો તમારે માટે રવિવાર હોઈ, આ બરાબર છે. હું ધારું છું.

**શ્રી અરવિન્દ :** એમ લાગી રહ્યું છે કે આખો આશ્રમ આ તર્કમાં રાચી રહ્યો છે અને એનું આગળનું પરિણામ એ તારવી શકાય કે વારંવાર આવતો રવિવાર પ્રત્યેક સાધક એમનો વિશિષ્ટ પત્ર મને લખે એ માટે યોગ્ય જ દિવસ ગણાય ! જાતિનિષ્ઠ મનમાં સર્વસંમતિ અને એકતાની કેવી તો હૃદયસ્પર્શી સાબિતી ! (Correspondence with Nirodbaran P. 138)

*

### **શ્રી અરવિન્દની કરુણા** (શ્રી પૂજાલાલનું સંસ્મરણ)

**(આરામ કરતી ચકલીની કાળજી)**

સવારના ૫-૦૦ વાગ્યાનો સમય હતો. રોજની માફક હું શ્રી અરવિન્દ અને શ્રી માતાજી જે ઘરમાં નિવાસ કરતાં હતાં ત્યાં ગયો હતો. એ ઘરના અમુક હિસ્સાની સાફસફાઈનું કાર્ય મને કૃપાપૂર્વક સોંપવામાં આવ્યું હતું અને મારું એ આનંદદાયી કાર્ય કરવા માટે વહેલી સવારે હું જતો ત્યારે શ્રી માતાજી સ્વયં મારે માટે દ્વાર ઉઘાડી આપતાં હતાં.

તે દિવસે દ્વાર ઉઘાડ્યા બાદ શ્રી માતાજી ઊભાં રહ્યાં અને શ્રી અરવિન્દના નામે મને

તે દિવસે વધુ શાન્ત બની રહેવાની કાળજી રાખવા જણાવ્યું. વચ્ચેના મોટા દ્વારના ઉપરના ભાગે એક ચકલી હતી અને તેને ખલેલ ન પહોંચે એને માટે મારે કાળજી રાખવાની હતી. મેં શ્રી માતાજીની સૂચનાને દિવ્ય આદેશ માની કાળજી રાખવા વચન આપ્યું. હું પછી ઘરમાં પ્રવેશ્યો અને શ્રી માતાજી આરામ કરવા ગયાં. કોઈ પણ હિલચાલ કે અવાજ કર્યા વગર હું એ વચ્ચેના મોટા દ્વાર પાસેથી પસાર થયો અને ખૂબ આશ્ચર્યાનંદ સાથે દ્વારના છેક ઉપરના ભાગે સ્થિર બેઠેલી ચકલીને મેં નિહાળી.

મારા અંતઃકરણમાં ભાવ જાગ્યો : આપણા દિવ્ય પ્રભુ કેવા તો કરુણાસાગર છે ! રાત્રે તેઓ એ મોટા ખંડમાં ચાલવાનું રાખતા હતા અને એમણે એ જોયું હતું કે એ ઘરની પ્રવર્તમાન શાન્તિમાં આ નાનો જીવ રાત્રિનો આરામ કરવા આવી ચડ્યો હતો. એમની કરુણા આપણી - માનવ જીવોની જ માત્ર કાળજી રાખે છે એવું નથી. સર્વ જીવો, નાના કે મોટા સર્વને માટે એમના વિશ્વથી વિશાળ હૃદયમાં પ્રેમનું સ્થાન હતું.

આપણે સર્વ ખરેખર ભાગ્યશાળી છીએ અને પૃથ્વીનું પણ એ ધન્ય ભાગ્ય છે કે તેઓ – દિવ્ય પ્રભુ – આપણને સૌને મળ્યા. વિશ્વોના સ્વામી મૂર્ત્ત સ્વરૂપે, જે પોતાની ઊંચાઈએથી સદાને માટે આપણી ઉપર ઝૂકતા રહી એમના પ્રેમના હૃદયના ઊંડાણમાં આપણને સમાવી લે છે.

***

**છેલ્લી ચેતવણી :**

શ્રી અરવિન્દ ખૂબ જ વિનમ્ર હતા એ મુદ્દાને સ્પષ્ટ કરવા હું થોડાં દૃષ્ટાંત આપીશ. જ્યારે શ્રી અરવિન્દ પોતાના કુટુંબ સાથે કલકત્તા રહેતા હતા ત્યારે તેમનાં નાનાં બહેન સરોજિનીદેવી પોતાના રસોઈયાની ઉદ્ધત અને બેપરવાહ વર્તણૂક વિશે તેઓશ્રીને વારંવાર ફરિયાદો કરતાં. શ્રી અરવિન્દ તે સરળતાથી સાંભળી લેતા અને પછી તેને વિશે બધું ભૂલી જતા. છેવટે સરોજિનીદેવીએ ધીરજ ગુમાવી અને તેઓશ્રીને કંઈક જલદ પગલું ભરવા વિનંતી કરી. શ્રી અરવિન્દે ગંભીર અવાજે રસોઈયાને બોલાવ્યો અને કહ્યું, ''મેં સાંભળ્યું છે કે તમો ભારે ઉદ્ધતાઈથી વર્તો છો, એવું ફરી કરશો નહિ.'' દરેક જણ તેમની આ નરમ ટકોરથી નાખુશ થયા અને દરેકને સમજાયું કે શ્રી અરવિન્દની પાસેથી ઉગ્ર કડકાઈની આશા રાખી શકાય એમ નથી. એવી જ રીતે શ્રીમાએ તેમની સમક્ષ એકાદ સાધક વિશે ફરિયાદ કરી કે જેણે ગુસ્સાના આવેગમાં એક જણને ઝૂડી પાડ્યો હતો. શ્રીમાએ શ્રી અરવિન્દને જણાવ્યું, ''આવું તો ત્રીજી વાર થયું. હવે એની બાબતમાં શું કરવું જોઈએ ? હે પ્રભુ ! હું આપની આજ્ઞા માગું છું.'' શ્રી અરવિન્દે સ્વસ્થતાથી જવાબ આપ્યો, ''તેને છેલ્લી ચેતવણી આપો.'' અમે સૌ સારી રીતે જાણતા હતા કે આ ''છેલ્લી ચેતવણી'' કદી પણ છેવટની રહેતી ન હતી.

(શ્રી અરવિન્દના સાન્નિધ્યમાં બાર વર્ષ : પૃ. ૫૨)

*

**ડૂબેલાંનો સહારો**

અમારામાંના મોટાભાગના (સાધકો) સાચે જ સામાન્ય માણસો હતા અને અમે યોગ વિશે ખૂબ ઓછું જાણતા હતા. શ્રી માતાજી અને શ્રી અરવિન્દે જેવા અમે હતા એવા જ અમને સ્વીકારી લીધા હતા. એમના યોગનો એક મહત્ત્વનો વિશિષ્ટ સિદ્ધાંત એ રહ્યો છે કે સરળ અને તાજગીસભર પ્રકૃતિઓને હાથ ઉપર લેવી "uncouth, shapeless", અણઘડ અને આકારહીન – અને એવી પ્રકૃતિઓને એમના આત્માની પ્રતિમામાં ઢાળવાનો પ્રયત્ન કરવો. મેં જ્યારે આશ્ચર્યોદ્‌ગાર સહિત એમને પૂછ્યું હતું :

'કેવા તો પ્રભુના અમે કેવા શિષ્યો છીએ. મને લાગે છે કે તમે વધુ સારા દ્રવ્યની પસંદગી કરી હોત.' અને - શ્રી અરવિન્દે જવાબ આપ્યો હતો : ''શિષ્યોની બાબતે હું સહમત છું. હા, પરંતુ આકાંક્ષા મુજબનું વધુ સારું દ્રવ્ય, (ધારી લોકે એ અસ્તિત્વ ધરાવતું હોય તો) શું માનવજાતિના નમૂનારૂપ હોય ખરું ? થોડા અપવાદરૂપ નમૂનાઓ સાથે કાર્ય કરવાથી પ્રશ્નનું નિરાકરણ ભાગ્યે જ આવી શકે.''

પ્રત્યેક શિષ્યની મુશ્કેલીઓ પરત્વે શ્રી અરવિન્દ અને શ્રી માતાજીએ જે ધ્યાન આપ્યું છે, પ્રત્યેકની જે કાળજી રાખી છે એ જ્યારે વાચકો જાણશે ત્યારે તેઓ આશ્ચર્ય અને પ્રશંસાના મહાસાગરમાં ડૂબી જશે..... (Correspondence with Nirodbaran - xii)

*

**પ્રભુનું લાલનપાલન**

લક્ષ્મીબાઈ, ગોલ્ડી – ખૂબ જ અસામાન્ય કૂતરી – લઈને શ્રી માતાજી પાસે આવતાં હતાં. ત્યાંથી, ગોલ્ડી જાતે શ્રી અરવિન્દના કક્ષ પાસે આવી જતી હતી – વિલક્ષણ, અલબત્ત. હું એને મારા હાથમાં ઊંચકી લઈ શ્રી અરવિન્દ પાસે લઈ જતો હતો. શ્રી અરવિન્દ સ્મિત સહ પોતાના બંને હાથથી એને પંપાળતા હતા.

એક દિવસ ગોલ્ડી સીધી શ્રી અરવિન્દ જ્યાં વિરાજમાન હતા ત્યાં પહોંચી ગઈ હતી અને શ્રી અરવિન્દના ચરણ ચાટવા લાગી હતી. એક પછી એક બંને ચરણ. શ્રી અરવિન્દે એને એમ કરવાની છૂટ આપી એટલું જ નહિ; પરંતુ વાંકા વળીને એને શાબાશી પણ આપી.

(Champaklal Speaks; p. 130)

*

**હું એમનો ત્યાગ કરવા માગતો નથી.**

શિષ્યોને માટે મહાન દિલાસા સમાન ગહન આધ્યાત્મિક સંકેત ધરાવતું સત્ય શ્રી માતાજીની એક ટિપ્પણમાં પ્રકટ થયું હતું તે એ કે : શિષ્ય બળવાની લાગણી સહિત પોતાના ગુરુને છોડીને જતો રહે તો પણ ગુરુ એ શિષ્યનો ત્યાગ કરતા હોતા નથી. ''એવા થોડા શિષ્યો હોય છે જેમને કૃપા તરછોડી દે છે. પણ એવા ઘણા હોય છે, જે કૃપાને તરછોડે છે.'' શ્રી અરવિન્દે આમ લખી જણાવેલું છે. (Memorable Contacts with the Mother : N.B. 107-88)

*

# વૃત્ત વિશેષ

**આંતરરાષ્ટ્રીય યોગ દિવસ : ૨૧ જૂન, ૨૦૧૭**

શ્રી અરવિન્દ સોસાયટી વડોદરા શાખા દ્વારા છેલ્લાં ૪૦ વર્ષથી યોગાસનોની પ્રવૃત્તિ નિયમિત રીતે ચલાવવામાં આવે છે. શ્રી અરવિન્દ નિવાસમાં દિવસનો પ્રારંભ જ યોગાસનોથી થાય છે. તા. ૨૧ જૂન, ૨૦૧૭ના દિવસે યોગ દિવસની ઉજવણી નિમિત્તે સવારે ૬.૦૦થી ૭.૦૦ દરમિયાન વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી અરવિન્દ નિવાસના યોગશિક્ષકો શ્રી પરશુરામ કહાર અને શ્રી રશ્મિભાઈ વ્યાસે આ પ્રસંગે યોગાસનોનું નિદર્શન રજૂ કર્યું હતું. આ દરમિયાન આપણી દિનચર્યા અને ટેવો વિશે વિશેષ માર્ગદર્શન તેઓએ આપ્યું હતું, તથા રોજિંદા જીવનમાં સ્ફૂર્તિ અને કાર્યક્ષમતા ટકી રહે તે માટે સરળ ક્રિયાઓ પણ બતાવી હતી. ઉપસ્થિત સર્વે અભ્યાસાર્થીઓએ એ ક્રિયાઓ કરી પણ હતી. કાર્યક્રમમાં 'સૂર્ય નમસ્કાર'ને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું હતું તથા તેનું મહાત્મ્ય સમજાવવામાં આવ્યું હતું. સૂર્યનાં બાર વૈદિક નામો સાથે સૂર્ય નમસ્કારનાં બાર આસનો, ક્રમબદ્ધ રીતે કરાવવામાં આવ્યાં હતાં. અંતે વંદેમાતરમ્‌ના સમૂહગાન પછી પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમની સમાપ્તિ કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટ, વડોદરા તરફથી 'યોગ દ્વારા સ્વસ્થ અને સુંદર જીવન' નામનું પુસ્તક સર્વેને ભેટરૂપે આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આબાલવૃદ્ધોની સંખ્યા લગભગ ૭૫ની હતી. ***(અહેવાલ : કૈલાશ જોશી)***

*

**સાવિત્રીશબ્દામૃત-૭ : ભગવદ્‌ર્પણ :**

ગુરુપૂર્ણિમાના પાવન પર્વે સાવિત્રીશબ્દામૃત-૭ પુસ્તક શ્રી અરવિન્દ, શ્રી માતાજીનાં ચરણકમલોમાં અર્પણ કરવામાં આવ્યું હતું. તે પહેલાં પ્રત્યેક પુસ્તકના ભગવદ્‌ર્પણ અગાઉ કરવામાં આવતું સાવિત્રીપારાયણનું આયોજન ૫ જુલાઈથી શ્રીમતી યુક્તાબહેન ઠક્કરના વડોદરાના નિવાસસ્થાને કરવામાં આવ્યું હતું. ૯ જુલાઈની સાંજે સાવિત્રીશબ્દામૃત ટીમના ત્રણ સભ્યોના શુભ હસ્તે, સાવિત્રીપ્રેમી સાધકોની હાજરીમાં પુસ્તક મા-પ્રભુને ચરણે અર્પણ કરવામાં આવ્યું હતું.



## નવું પ્રકાશન

**સાવિત્રીશબ્દામૃત-૭ :** સાવિત્રી મહાકાવ્યના પર્વ ૭ - યોગનું પર્વ - ના સર્ગ, ૪, ૫, ૬ને ૭નું *શ્રી શ્રદ્ધાવાને* કરેલું પ્રકાશપૂર્ણ ભાષ્ય. ભાવાનુવાદ : *કિરીટ ઠક્કર* : પ્રકાશક : *યોગયુક્તા પ્રકાશન*, ઈ-૧૦૨, ચંદ્રનગર કૉલોની, સુવર્ણ લક્ષ્મી એપાર્ટમેન્ટ પાસે, વાઘોડિયા રોડ, વડોદરા-૩૯૦ ૦૧૯. ફોન : ૨૫૧૦૦૩૮ (૦૨૬૫) મો. ૯૪૨૭૫૪૦૧૯૫ E-mail : kirityukta@yahoo.co.in. પૃષ્ઠ સંખ્યા : ૪૨૯+૧૨=૪૪૧. મૂલ્ય રૂા. ૧૬૦/-. સારા મેપલીથો કાગળ ઉપર ઉત્કૃષ્ટ છાપકામ. મુખપૃષ્ઠ : આશ્રમ કળાકાર શ્રી પ્રીતી ઘોષે સાવિત્રી મહાકાવ્યની પંક્તિઓને — સાવિત્રી અને એના ચૈત્યપુરુષનું એકબીજામાં ભળી જવું — દર્શાવતું શ્રેષ્ઠ ચિત્ર ચાર રંગોમાં છાપવામાં આવ્યું છે. સુઘડ બાંધણી સહિત પુસ્તકનું કલેવર સુંદર તૈયાર થયું છે. સાવિત્રીશબ્દામૃતશ્રેણીનાં પુસ્તકો ૬ અને ૭માં આ યોગના પર્વના સાતે સાત સર્ગોનું શબ્દેશબ્દનું વિવરણ સમાવી લેવામાં આવ્યું છે. પુસ્તક પ્રાપ્તિ માટે પ્રકાશકનો સંપર્ક કરવો. શ્રી અરવિન્દ સોસાયટીનાં કેન્દ્રોને પુસ્તકની ખરીદી ઉપર યોગ્ય વળતર આપવામાં આવશે. અંતે શ્રી પૂજાલાલદાદાએ સાવિત્રી મહાકાવ્ય વિશે જે લખી જણાવ્યું છે તે અત્રે રજૂ કરી વિરમીએ છીએ :

> ચારે પ્રકારની વાણીના વૈભવોએ ભરેલા આ મહાકાવ્યમાં ચૌદે ભુવનની ચેતન ચમત્કૃતિઓએ છંદોમય રમણીય રૂપ લીધું છે; ત્રિલોકનાં તારતમ્યો એના શબ્દોમાં સમાશ્રય પામ્યાં છે, અને આ લોકનાય હૃદયાહ્લાદક રસો એને રૂંવે રૂંવે ઝરણાં બની ફૂટી નીકળે છે અને એમના કલકલ નિનાદથી શ્રવણોને મુદામાધુર્યે ભરી દે છે. વળી એ છે અધ્યાત્મનો વિશ્વકોષ, યોગસાધનાનું ગાન ગાતું મહા શાસ્ત્ર. એના શબ્દોમાં सत्यं शिवं सुन्दरम् ।ની ઉષાઓ ઊઘડે છે, એના અક્ષરોમાં અમૃતાર્દ્ર આભાઓ આલય શોધતી આવી વસી છે.

*

**શ્રી અરવિન્દ સોસાયટીના સર્વે સભ્યો જોગ**

આપ સૌને સુવિદિત છે તેમ શ્રી માતાજીના પોંડિચેરી કાયમી આગમન પ્રસંગની શતાબ્દી ૨૪ એપ્રિલ ૨૦૨૦ના રોજ શરૂ થશે. શ્રી અરવિન્દ સોસાયટી, મુખ્ય ઑફિસ, પુદુચેરી આ મહાન પ્રસંગની ઉજવણી નિમિત્તે એક સુવેનિયર પ્રકાશિત કરવાની અભીપ્સા સેવે છે. સુવેનિયર માટે અમે શ્રી માતાજીના હસ્તાક્ષર તેમ જ એમની સહી સાથેની સામગ્રી અમે એકઠી કરી રહ્યાં છીએ. સભ્યોને વિનંતિ કરવામાં આવે છે કે જેમની પાસે આવી સામગ્રી હોય, અથવા એવી અન્ય સામગ્રી, જે શ્રી માતાજીનાં સંસ્મરણો સાથે સંકળાયેલી હોય તે પોંડિચેરી મુખ્ય ઑફિસને મોકલી આપે. સામગ્રીની Scanned નકલ આ E-mail પર મોકલવી. vijay@aurosociety.org.

*પ્રદીપ નારંગ, શ્રી અરવિન્દ સોસાયટી*

*

# SRI AUROBINDO SOCIETY
## Notice for the Annual General Meeting

The Annual General Meeting of the members of Sri Aurobindo Society will be held on Saturday, the 16th September 2017, at 4.00 p.m. at its registered office, **Sri Aurobindo Bhavan, 8, Shakespeare Sarani, Kolkata - 700 071**, to transact the following business:

1. To confirm the minutes of the last Annual General Meeting held on 24th September 2016.
2. To consider and approve the audited Balance Sheet and Income & Expenditure Account of the Society for the year ended 31.03.2017.
3. To consider and adopt the Executive Committee's Annual Report of Activities for the year 2016-2017.
4. To appoint an auditor for the Society for the year 2017-2018.
5. To consider any other matter with the permission of the chair.

Sd/-

29.05.2017 ***(Pradeep Narang)***

Puducherry Chairman

*Note : The members are entitled to appoint proxy. Proxies must be deposited at the Registered Office of the Society, No. 8, Shakespeare Sarani, Kolkata - 700 071, during office hours, in advance but not less than 48 hours before the time of the meeting. The proxy should be a member of the Society. Proxy form is printed below.*

## PROXY

SRI AUROBINDO SOCIETY,
Regd. Office : 8, Shakespeare Sarani, Kolkata - 700 071.

I,.........................................................being a member of Sri Aurobindo Society, having membership No. ........................... valid upto .................... do hereby appoint ........................................................................ having Society's membership No. .......................... valid upto ..................... as my proxy in my absence to attend and vote for me and on my behalf at the Annual General Meeting of the Society, to be held on Saturday, the 16th September 2017, at 4.00 p.m. and at any adjournment thereof.

In witness whereof, I have set my hand this..................... day of ................... 2017.

Revenue Stamp

(Signature of the member across the stamp)

*Note : The proxy must be deposited at the Registered Office of the Society, No. 8, Shakespeare, Sarani, Kolkata - 700 071, not less than 48 hours before the time of the meeting.*

# સભ્યો / ગ્રાહકોને સૂચનો

૧. 'પ્રભુ અર્પણ' - સામાન્યતઃ દર મહિનાની પાંચમી તારીખે પ્રસિદ્ધ થાય છે.

૨. અંક ચોકસાઈથી ટપાલ દ્વારા રવાના કરાય છે. છતાં ટપાલમાં ગેરવલ્લે જાય અને અંક તા. ૨૦ સુધીમાં ન મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઓફિસને ફરિયાદ કરી તેની નકલ અત્રે મોકલવી. બને ત્યાં સુધી બીજી નકલ મોકલવામાં આવશે.

૩. સરનામું બદલાયાની સૂચના ૧૫ તારીખ પહેલાં પોતાના સભ્ય/ગ્રાહક નંબર સાથે આપવી.

૪. સંસ્થા સાથે મેગેઝીનને લગતા પત્રવ્યવહારમાં આપનો સભ્ય/ગ્રાહક નંબર આપવો જરૂરી છે.

૫. શ્રી અરવિન્દ સોસાયટીની વાર્ષિક સભ્ય ફી (અ.ભા.૫ માસિક સાથે)

| | | | |
|---|---|---|---|
| ૧ વર્ષ | રૂા. ૧૮૦/- | ૧૦ વર્ષ | રૂા. ૪૦૦૦/-(ડોનર મેમ્બર) |
| ૩ વર્ષ | રૂા. ૫૨૦/- | ૨૦ વર્ષ | રૂા. ૨૫,૦૦૦/- (કોર્પોરેટ મેમ્બર) |
| ૫ વર્ષ | રૂા. ૮૬૦/- | | |

૬. ભારતમાં 'પ્રભુ અર્પણ'નું ફક્ત ગ્રાહક (સભ્યપદ વગર) તરીકેનું વાર્ષિક લવાજમ રૂા. ૧૮૦/- છે.

૭. ગમે તે માસથી સભ્ય/ગ્રાહક થઈ શકાય છે. એક વર્ષથી ઓછી મુદત માટે સભ્ય/ ગ્રાહક નોંધવામાં આવતા નથી.

૮. નવા સભ્ય/ગ્રાહકે લવાજમ મોકલતી વખતે ''નવા સભ્ય/ગ્રાહક છે,'' એમ લખવું.

૯. નવા અથવા જૂના સભ્યો/ગ્રાહકો પોતાનું લવાજમ પોતાના સભ્ય/ગ્રાહક નંબર સાથે રૂબરૂમાં અથવા મની ઓર્ડરથી અથવા બેન્ક ડ્રાફ્ટથી ''શ્રી અરવિન્દ સોસાયટી'' ના નામથી ભરી શકે છે. જો ચેકથી લવાજમ ભરવાનું હોય તો વાર્ષિક લવાજમ ઉપરાંત વધારાની રકમ રૂા. ૨૫/- ઉમેરી ચેક લખવો.

૧૦. લવાજમ વસુલ કરવા માટે અંક વી.પી. થી મોકલાતો નથી.

૧૧. વ્યવસ્થા અંગેનો સર્વ પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક, 'પ્રભુ અર્પણ'-રવાનગી વિભાગ, શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા શાખાના નામથી કરવો.

૧૨. જે સભ્યોનું લવાજમ પૂરું થઈ ગયું હોય તેઓએ પોતાનું લવાજમ તુર્ત મોકલી આપવું. જે કવરમાં આપને 'પ્રભુ અર્પણ' મળે છે તેની ઉપર, આપના સભ્યપદ નંબર પછી ૧, ૪, ૭, વિ. અંક દર્શાવેલા હોય છે, તે કયા માસમાં આપનું લવાજમ પૂરું થાય છે તે દર્શાવે છે. લવાજમ પૂરું થયાની સૂચના વ્યક્તિગત રીતે આપવામાં આવતી નથી.

તમે એક અંતરની સચ્ચાઈ સાથેની અભીપ્સાપૂર્વક આધ્યાત્મિક જીવન પ્રત્યે દોરાઓ છો ત્યારે કેટલીક વાર તમારી ઉપર, તમને હતોત્સાહ કરી દે તેવી વસ્તુઓનો વરસાદ વરસી પડે છે : તમારે તમારા શ્રેષ્ઠ મિત્રો સાથે તકરાર થાય છે, તમારા કુટુંબીઓ તમને ગડદાપાટુ મારીને ઘરની બહાર કાઢી મૂકે છે, તમે જે વસ્તુ મેળવી છે, એમ માનતા હો છો, તે વસ્તુને તમે ગુમાવી બેસો છો...હું એક માણસના પરિચયમાં હતી. એ ખૂબ મોટી અભીપ્સા સાથે ભારતમાં આવ્યો હતો. અને ખૂબ પ્રયત્નોને અંતે કંઈક જ્ઞાન અને યોગ પ્રત્યે પણ પ્રેરાયો હતો. બહુ પહેલાંની આ વાત છે. એ વખતે લોકો ઘડિયાળને ચેન વડે પહેરતા હતા અને બીજાં નાનાં નાનાં ઘરેણાં પણ ધારણ કરતા હતા. એ ભાઈ પાસે એમનાં દાદીમાએ આપેલી એક સોને મઢેલી પેન્સિલ હતી. તે એમને બહુ ગમતી હતી. તેમની જગતની પ્યારામાં પ્યારામાં પ્યારી વસ્તુઓ પૈકી એ એક હતી. એ પેન્સિલ ચેન વડે બાંધેલી હતી. એ ભાઈ જ્યારે એક બંદરે ઊતરતા હતા – પોંડિચેરીમાં, કે ભારતના કોઈ બંદરે, અથવા કદાચ કોલંબો, મને લાગે છે કે એ કોલંબો બંદર હતું – ત્યારે લોકોને ઊતરીને હોડકાંમાં બેસવું પડતું અને એ હોડકાં લોકોને કિનારે લઈ આવતાં હતાં. હવે આ ભાઈને તેમની સ્ટીમરના દાદરા ઉપરથી હોડકામાં ભૂસકો મારવાનો હતો. એ એમનું પગલું ચૂકી ગયા. પણ જેમ તેમ કરીને પોતાની સમતુલા પાછી મેળવી લીધી, પણ એમ કરવામાં એમણે એક ઝટકા સાથે ઉતાવળી ગતિ કરી અને એમ કરતાં પેલી નાનકડી સોનાની પેન્સિલ દરિયામાં પડી જઈને સીધી તળિયે જઈ બેઠી. એમને દુઃખ તો બહુ થયું, પણ તેમણે પોતાની જાતને કહ્યું : 'આ હિન્દુસ્તાનની અસર છે. મને મારાં બંધનોથી મુક્ત કરવામાં આવ્યો છે.' જે લોકો એકદમ સત્યનિષ્ઠ હોય છે તેમને માટે જ ઘટનાઓ આવું રૂપ લે છે. ખાસ કરીને હંમેશાં સત્યનિષ્ઠ માણસો માટે જ આફતોનો વરસાદ નિર્માયલો હોય છે. જેઓ સત્યનિષ્ઠ નથી હોતા તેઓને ખૂબ જ સુંદર રંગાયેલી વસ્તુઓ, તેમને છેતરવા માટે જ મળી આવતી હોય છે, અને અંતે તેઓને ખબર પડે છે કે પોતે છેતરાયા છે !

શ્રી માતાજી

(વર્ષ ૦૩ : અંક ૮)
RNI NO GUJGUJ/2015/60353
P. R. NO VDR(E)/338/2015-2017
વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

**Published and Printed by Shri Sharadchandra M. Joshi,**
**on behalf of Sri Aurobindo Society, Vadodara**
**Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.**
**Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.**
**Editor : Shri Kiritkumar Indravadan Thakkar.**